**સુવિચાર**
માનવી ઈચ્છતો હોય છે કે તે કામ પરથી ઘરે આવે ત્યારે તેનો આદર થાય, તેને પાણીનો ગ્લાસ આપવામાં આવે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૫/૧૦/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૦ આસો સુદ-૩ વર્ષ : ૧૫ અંક : ૨૪૯







## મહાત્મા ગાંધી, ડો. આંબેડકર, કેશુભાઈ પટેલ, કૃષ્ણકુમારસિંહજી સહિતની પ્રતિમા લગાવાશે

# ચમારડી ખાતે ગોકુળિયા ગામ અંતર્ગત મહાનુભાવોની પ્રતિમા સ્થાપિત કરાશે

**ગામનાં વતની અને સુરત સ્થિત ઉધોગપતિ ભામાશા ગોપાલભાઈ વસ્તરપરા વતનનું ઋણ ચુકવશે**

**આગામી ૩૧ ઓક્ટોબરે રાજકીય અને સામાજિક આગેવાનોની ઉપસ્થિતિમાં પ્રતિમાનું થશે સ્થાપન**

**ગામનાં પાદરમાં બસ સ્ટેન્ડ, રોશની, ગાર્ડન સહિતની પણ સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે**

**નાનું એવું ચમારડી ગામ સમગ્ર દેશનાં ગ્રામ્ય વિસ્તાર માટે પ્રેરણાદાયી બની રહેશે**

અમરેલી, તા. ૪

બાબરાનાં ચમારડી ગામે ગામનાંવતનીઅનેસુરતસ્થિતઉધોગપતિ ગોપાલભાઈ વસ્તરપરા વતનનું ઋણ ચુકવવા માટે ભારે દોડધામ કરી રહ્યા છે. અનેઆગામી ૩૧ મીઓક્ટોબરસરદાર પટેલની જન્મજયંતીએ મહાદેવ તેમજ દેશનાંસપૂતોનીપ્રતિમાનુંસ્થાપનકરવા માટે તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

સરદાર પટેલની પ્રતિમાનું અગાઉસ્થાપનથયાબાદઆગામી ૩૧



ઓક્ટોબરનાંરોજરાષ્ટ્રપિતામહાત્મા ગાંધી, ડો. બાબાસાહેબઆંબેડકર, પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ, ભાવનગરનાં મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી, શહીદભગતસિંહ, સુભાષચંદ્ર બોઝ, ચંદ્રશેખર આઝાદ, સ્વામી વિવેકાનંદ સહિતનાં મહાનુભાવોની પ્રતિમાનું સ્થાપન કરાશે.

ચમારડીગામનાંપાદરમાં રોશનીનોઝગમગાટ, ગાર્ડન, બસસ્ટેન્ડ સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે અને સમગ્ર દેશ માટે પ્રેરણાદાયી બને તેવું ગોકુળિયુ ગામ બનાવવાનો દ્રઢ સંકલ્પ ગોપાલભાઈ વસ્તરપરાએદર્શાવ્યો છે.

### સાંજના સમયે અકસ્માતે ડેમમાં પડયો

## અમરેલીનાં સરંભડા ગામે માછલી પકડવા જતાં યુવકનું ડેમમાં પડી જવાથી મોત

**યુવકનો મૃતદેહ મળી આવતા પોલીસ દોડી**

અમરેલી, તા. ૪

અમરેલીતાલુકાનાંસરંભડા ગામે રહેતો એક યુવક ગઈ કાલે સાંજના સમયે શેત્રુંજી નદી ઉપરના મેડી ડેમમાં માછલી પકડવા જતાં અકસ્માતે તે ડેમમાં પડી જતાં તેમનું પાણીમાં ડૂબી જતાં મોત થયું હતું. ત્યારે આજે સવારે તેમની લાશ ડેમમાંથી મળી આવતાં પોલીસ ઘટના

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ભાગીયુ રાખીને વાડીમાં રહેતા પરિવાર પર આફત

## મોટી કુંકાવાવનાં ૭ વર્ષિય બાળકનું સર્પ દંશથી મોત થતાં અરેરાટી

**સારવાર દરમિયાન બાળકનું મોત નિપજયું**

અમરેલી, તા. ૪

મોટી કુંકાવાવ ગામના વિપુલભાઈ પરશોતમભાઈ દેસાઈની વાડીએ રહેતા ચીનભાઈ રૂપાભાઈ ખાંટના૭વર્ષિયપુત્રરણજીતનેતા.૨નારોજ ૧ વાગ્યાઆસપાસ વાડીએસર્પદંશથતા તેમનેસારવારમાટેદવાખાનેખસેડાયેલજયાં તેમનું સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાંજાહેરથવાપામેલછે.

### બાઈક લઈને પેટ્રોલ પુરાવવા જતાં હોય

## લીલીયાનાં પીપળવા માર્ગ ઉપર લકઝરી બસે હડફેટે લેતા બાઈક ચાલકનું મોત

**યુવકનાં શરીર ઉપર ટાયરનો જોટો ફરી વળ્યો**

અમરેલી, તા. ૪

લીલીયા તાલુકાના ભેંસવડી મફતપ્લોટવિસ્તારમાંરહેતા પરેશભાઈ વિનુભાઈ આસોદરાના ભાઈ રાકેશભાઈ વિનુભાઈ આસોદરા તા. ૩ના રોજ સાંજના આશરે છથી સાડા છ વાગ્યાના સમયેપોતાનાહવાલાવાળુમોટરસાયકલ નં. જી.જે.-૨૭એબી-૦૬૯૮ લઈ

**અનુસંધાન પાના ૬ ઉપર**

### અમરેલીથી પરત લાપાળીયા તરફ આવતા

## સાવરકુંડલાનાં બોરાણા ગામે રહેતાં યુવકનું બાઈક સ્લીપ થવાથી મોત

**માથાનાં ભાગે ગંભીર ઈજા થવાથી મોત**

અમરેલી, તા. ૪

મુળમધ્યપ્રદેશનાવતનીઅને હાલસાવરકુંડલા તાલુકાનાબોરાણાગામે રહેતા મગનભાઈ ઈન્દ્રસિંહ મેડાના ભાઈ રેમતભાઈ ઈન્દ્રસિંહ મેડા નામનાં ૩૫

**અનુસંધાન પાના ૬ ઉપર**

### દિવ્યાંગ યુવક ચલાલા ખાતે બચત ખાતુ ખોલાવવા જતાં ભાંડાફોડ થયો

## બગસરાનાં હાલરીયા ગામનાં દિવ્યાંગ વ્યક્તિનાં નામે એસબીઆઈમાં ૩ બચત ખાતા ખોલાવીને ૫૦ લાખની લોન લેવાતા ફરિયાદ

**વડોદરા ખાતે અજાણ્યા ઈસમોએ જુદા-જુદા ૩ બચત ખાતા ખોલાવ્યા**

અમરેલી, તા. ૪

બગસરા તાલુકાના હાલરીયા ગામે રહેતા રમેશભાઈ દેવાભાઈ દાફડા, નામનાં ૩૦ વર્ષિય યુવકદ્રષ્ટિહિનપ્રકારનાદિવ્યાંગવ્યક્તિ હોયઅનેતેમનીવિકલાંગતાનીટકાવારી ૮૦% છે, જેથી કરીને તેઓ માત્ર ૧૫% જ દ્રષ્ટિ કુદરતી રીતે મળેલ છે. અને તેઓઆધાર કાર્ડ તથા પાનકાર્ડ ધરાવતા હોય પોતે દિવ્યાંગ હોંવાના કારણે છુટક મજુરીકામ કરી ગુજરાન ચલાવેછે. તેઓ ગત તા. ૮/૭/૨૦૨૪ ના રોજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા ચલાલા શાખામાં પોતાનું નામનુંબચતખાતુંખોલાવવા માટે ગયેલ ત્યારે તેઓને જાણ થયેલ કે, યુવક નામના સ્ટેટબેંકઓફઈન્ડીયાવડોદરાશાખામાં ત્રણખાતાઅગાઉખોલવામાંઆવેલછે અનેતેખાતામાંલોનપણલેવામાંઆવેલ છે. જેમાંથી કોઈ જ લોન ભરપાઈ થયેલ નથી, જેથીબેંકપાસેથીતેયુવકનાનામના અગાઉ ખુલી ગયેલા ખાતાની વિગત માંગતાઆબેંકમાં કોઈ અજાણ્યા ઈસમે યુવકના નામના ખોટા અને બનાવટી આધાર-પુરાવાઓબનાવી, તેનોસાચા તરીકે ઉપયોગ કરીને કુલ રૂા. ૫૦,૦૦,૦૦૦ (રૂપિયા પચાસ લાખ) ઉપરાંતની લોન મેળવી લીધેલ છે અને તે લોનની રકમ ભરપાઈ પણ કરેલ નથી. આમ, કોઈ અજાણ્યા ઈસમે કોઈ પણ સમયગાળા દરમિયાન વડોદશ મુકામે યુવક નામના આધાર કાર્ડ, પાન કાર્ડ તેમજ અન્ય આધાર પુરાવાઓ બનાવટીઅનેખોટાબનાવીતેનોસાચા તરીકે ઉપયોગ કરીને જુદી જુદી બેંક તથા નાણી ધીરધાર કરતી સંસ્થાઓમાંથી લોન લઈને ગંભીર પ્રકારનો ગુન્હો આચર્યો અંગેની દિવ્યાંગ યુવકે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.









# અમરેલી : શાંતાબા જનરલ હોસ્પિટલમાં માનસિક રોગના દર્દીની સફળ સારવાર



અમરેલી, તા. ૪

રાજુલાના રહેવાસી ૨૫ વર્ષીય સોલંકીપરીવારના મહિલા દર્દી છેલ્લા ૭ વર્ષથી સ્કીઝોફેનીયાની માનસિક બીમારીથી પીડાતા હતાં. માનસિક બીમારીના કારણે એકલા બબડવું, ગુસ્સે થવું, ચીડિયો સ્વભાવ રહેવો અને વારંવાર ઘરેથી ભાગી જવું, મનઉદાસરહેવુ વગેરે જેવા લક્ષણો તેમને જણાયા હતાં.

તેમના પરીવારે જણાવ્યા મુજબ ભાવનગર ખાતે તથા અન્ય જગ્યાએ તેઓ સાઈક્રીયાટ્રીકડોકટર પાસે સારવાર લઈ ચુકયા હતા પરંતુ કોઈ ફેરફાર જણાયો નહોતો.

ત્રણ મહિના પહેલા તેઓને શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે માનસિક રોગના નિષ્ણાંત ડો. ભાવિન કદાવાલા વિશે જાણ થતા તેમણે તેમની પાસે સારવાશ શરૂ કરાવેલ હતી. અને ડો. ભાવિન કદાવાલની સારવાર બાદ દર્દીને તબિયતમાં સુધારો થયેલ હતો. તથા દર્દી નોર્મલ જીવન જીવવા લાગતા તેમના પરીવાર જનોએ ડોકટર તથા હોસ્પિટલનો વિનામૂલ્યે ઉતમ સારવાર આપવા બદલ આભાર વ્યકત કર્યો હતો.

### ૯ વર્ષ પહેલા આંદોલન થયુ ત્યારે વિરોધ કરનાર

# ઈકોઝોન પ્રશ્ને ભાજપનાં આગેવાનોને થુંકેલુ ચાંટવાનાં દિવસો આવ્યા : કોટડીયા

### જનહિતમાં તમામ આગેવાનો એક થાય તે જરૂરી

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય તેમજ કોંગ્રેસ યુવા આગેવાન પ્રદીપ કોટડીયા એ ગુજરાત સરકાર તેમજ વન વિભાગને ફરીથી પત્ર લખીને સાનમાં સમજી જવા વિનંતી કરેલ છે. ૨૦૧૫ ની સાલમાં ધારીમાં ઈકોસેન્સીટીઝન મુદ્દે જે આંદોલનનો રંગસિંગુ ફૂકાણું હતું તે ફરીથી ન થાય તે માટે વહેલામાં વહેલી તકે આ ઈકોઝોન નો કાયદો રદ કરી ખેડૂતો મજૂરો માલધારી તેમજ વેપારી સર્વને શાંતિથી જીવવા ને રહેવા દેવા તેઓ એ સરકારને વિનંતી કરી છે. તેમજ આ વખતે ભાજપના મોટા ગજાના આગેવાનો તેમજ પૂર્વ સાંસદ સભ્ય એ ઈકોજનનો વિરોધ કરેલ છે તે બાબતે પ્રદીપ કોટડીયાએ ભાજપના તમામ જે આગેવાનો હાલ ઈકોજોનનો વિરોધ કરે છે તેમને અભિનંદન આપ્યા છે.

૨૦૧૫ ની સાલ મા ભલે તમેનો સમજીયા પણ 'મોડું સમજાણું પણ સમજાણું ખરૂ આવું કહિયું સાથે એમ પણ કહ્યું છે કે અમોએ ૨૦૧૫માં આંદોલન કરેલ ત્યારે આ તમામ લોકો કોટડીયા ખેડૂતોને ગેરમાર્ગે દોરે છે તેવો પ્રચાર કરવા વન વિભાગને સાથે રાખીને નીકળ્યા હતા. અને જંગલ ખાતાની ગાડીમાં માઈકના ભૂંગળા લગાવીને ગામડે ગામડે ફેરવતા હતા કે કોટડીયા ખેડૂતોને ખોટા ગેર માર્ગે દોરે છે ઈકોથી કોઈ નુકસાન થવાનું નથી અને વધુમાં અમારા પરિવારને અને અમોને બેફામ ગાળો પણઆપેલ છે કે 'કોટડીયા ગાંડો થઈ ગયો છે કોટડીયા,ને દવાખાને દાખલ કરો' અમારા પરિવાર ઉપર અને અમને ખરાબ શબ્દો પણ કહે છે ખેડૂતો માટે આ વિસ્તાર માટે જે કંઈ પણ કરવું પડે તે કરવામાં આજે તૈયાર છીએ અને ભવિષ્યમાં પણ તૈયાર છીએ ભૂતકામાં પણ તૈયાર હતા. ભાજપના આગેવાનો જો આ ઈકોજોન મુદ્દે આંદોલન કરે તો પણ અમે સાથે આવા તૈયાર છીએ. અને અમો આંદોલન કરીએ તો તમોને બે હાથ જોડીને વિનંતી છે કે એક મન્સ ઉપર આવી આ ધારીના વિસ્તારના ખેડૂતો વેપારી મજૂરો માલધારીઓને શાંતિથી રહેવા જીવવા અને ધંધો કરવા માટે આપણે સે સાથે મળી અને ઈકોજનનો વિરોધ કરી ને આપડી એકતા અને તાકાત બતાવીએ ચૂંટણી લડીને કે જીતેજ આપડી તાકાત બતાવી શકાય એવું નથી લોકોના પ્રશ્નોનો નિકાલ કરીને એમની સાથે ઉભા રહીને તાકાત બતાવવાનો આ ખરો સમય આવ્યો છે. એટલે ડબલ એન્જિન વાળી સરકાર ઈકોજોનના કાયદો વહેલા મા વહેલી તકે એમની માયાજાળ સંકેલી લેવા પ્રદીપ કોટડીયા એ હાકલ કરી છે.

### શ્રી મોગલમાં માનવ સેવા ટ્રસ્ટ દ્વારા

# ચલાલામાં તુલસી વિવાહ સાથે ભવ્ય સમૂહલગ્ન યોજાશે

### સમુહલગ્નમાં જોડાનાર દરેક દિકરીઓને ૧૦૦ થી વધુ વસ્તુઓ અપાશે

ચલાલા, તા. ૪

શ્રી દાનમહારાજની પાવન ભુમી ઉપર શ્રી મોગલમાં માનવ સેવા ટ્રસ્ટ દ્વારા તુલસી વિવાહ સાથે સર્વ જ્ઞાતીય સમુહ લગ્નનુ આયોજન તા ૧૨/૧૧/૨૪ ના રોજ રાખેલ છે. આ સમુહ લગ્ન આયોજનનો મુખ્ય હેતુ ગરીબ પરિવારની દરેક દિકરીઓને કરીયાવરમાં ઘર ઉપયોગી વસ્તુઓ વધુને વધુ મળે તે તથા સરકારી નિયમોનુસાર દરેક દિકરીઓને કુવરબાઈનું મામેરૂ તથા અન્ય યોજનાનો લાભ મળે એવા પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. તો વહેલા તે પેલાના ધોરણે વર–કન્યાના વાલીઓએ નીચે જણાવેલ ડોકયુમેન્ટસ લઈને ચલાલા રૂબરૂ ફોર્મ ભરવા આવવાનુ રહેશે.

જરૂરી ડોકયુમેન્ટમાં જન્મ તારીખનો દાખલો, આધાર કાર્ડ, રેશનકાર્ડ દરેકની બે – બે ઝેરોક્ષ અને વર–કન્યા ના બે–બે ફોટાઓ સાથે વર–કન્યા અને તેના વાલીઓએ ફોર્મ ભરવા માટે રૂબરૂ ચલાલા આવવાનુ રહેશે. વધુ વિગત માટે સમુહ લગ્ન આયોજન કમીટી ચલાલા મો. ૯૪૦૮૨ ૭૮૮૫૩, ૯૪૨૮૨ ૬૧૦૧૪, ૯૮૭૯૪ ૬૩૪૪૩ ઉપર સંપર્ક કરવા ચલાલાના પત્રકાર પ્રકાશ કારીયા, વિપુલ કારીયાની યાદીમાં જણાવેલ છે.

## ચલાલા ખાતે પરબડી શાળાનાં આચાર્યનાં નિવાસસ્થાને શિક્ષણમંત્રી



ચલાલા, તા. ૪

ચલાલા ખાતે રહેતા પરબડી શાળાનાં આચાર્ય લાલુભાઈ કરારનાં નિવાસ્થાનની તાજેતરમાં શિક્ષણમંત્ર કુબેરભાઈ ડીંડોર મુલાકાત લીધી જે સમયે ડો. સૌરભ કટારા, હેતલ કટારા, પપ્પુ ડામોર તથા પલાસ મનિષાબેન તથા ઉ.શિક્ષી મુકેશભાઈ જોષી સહ પરિવારને પોતપોતાના કાર્યક્ષેત્રમાં આગળ વધવા શુભેચ્છા પાઠવેલ મંત્રી દ્વારા વર્ષોથી વતન દુર રહેતા પરિવારને ધન્યતા પાઠવતા શબ્દો સાથે હાજર વૃધ્ધ માતાઓને સાલ ઓઢાડી પગે લાગી આશિર્વાદ મેળ વ્યા તથા પરિવારના બહાર રહેતા સત્યોની ટેલીફોનિક સંપર્ક કરી મુલાકાત આપી તેમજ હળવા લાગણીસભર સ્નેહ શબ્દોથી વતનની જીણવટભરી માહિતી સાથે સુવાસે ફેલાવી માહિતી લીધેલ.

શિક્ષણમંત્રીને સાલ તથા પરંપરાગત રિવાજ મુજબ ચાંદીનું કડું પહેરાવી ઉમળકાભેર સ્વાગત કરવામાંઆવ્યું

## ૫ ઓકટોબર, ''વિશ્વ શિક્ષક દિન''




અમરેલી, તા. ૪

૫ ઓકટોબર, ''વિશ્વ શિક્ષક દિન''. આ દિવસે ૧૯૬૬ના રોજ ટીચિંગ ઈન ફિડક નામની એક સંધી પર હસ્તાક્ષર થયા હતાં. આ આંતરરાષ્ટ્રીયસંમેલનમાં ટીચિંગ ઈન ફિડક નામની એક સંધી હેઠળ શિક્ષકોનાં અધિકારો, જવાબદારી અને શીખવા શીખવવાનો માહોલ ઉભો કરવા જેવી બાબતોનો સમાવેશ થતો હતો. ૫ ઓકટોબર, ૧૯૯૭નાં રોજ આયોજીત આ સંમેલનમાં યુનેસ્કોએ ઉચ્ચતર શિક્ષણ સાથે જોડાયેલા શિક્ષકોની સ્થિતિને લઈને વર્ગીકરણ કર્યુ હતું. માણસને સંસ્કાર આપીને સારો નાગરિક બનાવવામાં શિક્ષકનો મોટો ફાળો છે. આથી શિક્ષણને પ્રોત્સાહન આપવાનાં હેતુથી યુનેસ્કો દ્વારા દર વર્ષે શિક્ષક દિન ઉજવાય છે.

જો કે વિશ્વનાં જુદા જુદા દેશોમાં શિક્ષક દિન અલગ તારીખે પણ ઉજવાય છે જેમાં ભારતમાં મહાન કેળવણીકાર અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. ડો. સર્વ પલ્લી રાધાકૃષ્ણનની યાદમાં તેમનો જન્મ ૫ ઓકટોબર, ''શિક્ષક દિન'' તરીકે ઊજવાય છે. સમાજનું ઘડતર કરનાર અને સમાજને સુરક્ષિત રાખવામાં મોટો ફાળો હોય તો એક શિક્ષકનો છે. આજનો દરેક વિદ્યાર્થી ભવિષ્યનો નાગરિક છે. તે સમગ્ર દેશનો આધાર સ્તંભ છે. તે ઈમારતનો એક પાયો છે. એ પાયાને મજબૂત કરવાનું કામ શિક્ષક કરે છે. તેઓ ઈમારતનું પાકું ચણતર કરી તેને કદી ડગવા દેતા નથી. ખુબ સાદી અને સરળ રીતે કહી શકાય કે જે શિક્ષા આપે તે શિક્ષક. જે જીવન ઘડતરમાં મદદરૂપ થાય અને જીવનનાં મૂલ્યોની સાચી સમજ આપે એ શિક્ષક. શિક્ષકનું યોગદાન સમાજમાં ઘણું મહત્વનું છે. ભગવાન શ્રીરામ અને શ્રીકૃષ્ણએ પણ શિક્ષા મેળવવા માટે બાળપણમાં પોતાનું ઘર છોડીને શિક્ષા મેળવી અને પોતાનાં જીવનને સાર્થક બનાવ્યુ. વિધા જેવુ અમૂલ્ય ધન મેળવવા માટે આપણે હંમેશા એક સારા ગુરૂની શોધ કરતા હોઈએ છીએ, કારણ કે એક સારા શિક્ષક જ ભવિષ્યનું નિર્માણ કરી શકે છે. આચાર્ય ચાણકય કહેતા કે શિક્ષક કયારેય સામાન્ય નથી હોતા, પ્રલય અને નિર્માણ હંમેશા એનાં ખોળામાં રમે છે. સારા શિક્ષક એ જ છે કે જે કાર્ય કરતા પહેલા વિચારે છે, કાર્ય કરતી વખતે વિચારે છે, અને કાર્ય કર્યા બાદ પણ તેનું જ ચિંતન કરે છે. આજે લોકો શિક્ષણ પ્રત્યે જાગૃત છે પણ આ ક્ષેત્રમાં હજુ ઘણું કરવાની બાકી છે. આજનું શિક્ષણ આપણને ભૂતકાળ સાથે જોડે છે, પરંપરા સાથે જોડે છે, પરંતુ ભવિષ્ય સાથે બહુ ઓછું નિસ્બત રાખે છે. ખરેખર તો અત્યારે શું કરવું જોઈએ તેનાં પર પણ શિક્ષણમાં સંશોધન કરવું જોઈએ. તેનાં પર ગણ શિક્ષણમાં સંશોધન કરવું જરૂરી છે.

ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ, ગુરૂ દેવો મહેશ્વરા, ગુરૂ સાક્ષાત પરબ્રહ્મા, તસ્મૈ : શ્રી ગુરૂદેવ નમઃ


ગુરૂ ગોંવિન્દ દોનો ખડે, કાકે લાગું પાયા।

બલિહારી ગુરૂ આપનો, ગોવિંદ દિયો બતાય।

### જયાં સ્વચ્છતા ત્યાં પ્રભુતાનાં ધ્યેય સાથે

# અમરેલીમાં પાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત રાત્રિ સફાઈ

### સફાઈ કર્મીઓનાં આરોગ્યની પણ કાળજી લેવાઈ



અમરેલી, તા. ૪

અમરેલીશહેરનેસ્વચ્છઅને સુઘડ બનાવવા માટે સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત અમરેલી નગરપાલિકા દ્વારા રાત્રિના સમયે પણ શહેરમાંસફાઈ કામગીરી કરવામાંઆવી રહીછે. અમરેલી નગરપાલિકા તંત્ર દ્વારા શહેરના ચિત્તલ રોડ, લાઠી રોડ, ગણેશ સોસાયટી–એરપોર્ટ વિસ્તાર સહિતના સ્થળોએ રાત્રિના સમયે સફાઈ કરવામાં આવીહતી. સ્વચ્છતા માટે જનજાગૃતિ કેળ વાય તે માટે રચનાત્મક કાર્યો દ્વારા જરૂરી પ્રયાસો કરવામાંઆવી રહ્યા છે. સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સફાઈ કર્મીઓના આરોગ્યની પણવિશેષ કાળજી લેવામાંઆવી રહીછે. સફાઈ કર્મીઓ માટે આરોગ્યતપાસણી માટેની શિબિરનું પણ આયોજન કરવામાંઆવ્યુંહતું.

### ચાડીયા ગામનાં મહિલા અગ્રણીની માંગ

# ભાર વગરનાં ભણતરનાં નિયમો ખાનગી શાળાઓમાં પણ લાગુ કરો

### જીલ્લા શિક્ષણાધિકારીને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૪

પ્રાથમિક શાળામાં બાળકોને ભાર વગરનું ભણતર અને બેગલેસ દિવસની ઉજવણી જેવા બાળકો લક્ષી કાર્યક્રમો સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવી રહયા છે, બાળકોને પોતાની વય મર્યાદા મુજબ બેગનું વજન હોય, ભણતરનો ભાર ના લાગે તથા બેગ વગર જ શિક્ષણ મેળવી શકે તેવા હેતુથી સરકાર આવા કાર્યક્રમો અમલમાં લાવે છે.

બાળક રમતા રમતા શિક્ષણ મેળવે તેને ભણતર ભારવાળુ ના લાગે, બાળક પર શિક્ષણનું ભારણ ના આવે તે માટે સરકાર દ્વારા ભાર વગરના ભણતર ની જાહેરાત કરી તેના નિયમો પણ બનાવેલ છે, પરંતુ ખાનગી શાળામાં જાણે આ લાગુ જ પડતા ના હોય તેમ આ નિયમો માત્ર કાગળ પર જ રહી ગયા છે, અને તેની અમલવારી કરવામાં આવતી નથી. દરરોજ બાળકો પાસે શાળાના સમયપત્રક મુજબના પુસ્તકો તેની નોટબુક અને અન્ય બુકસ મંગાવવામાં આવે છે જેથી બાળકના બેગનો વજન ખુબ જ વધી જાય છે.

સરકારી પ્રાથમિક શાળામાં બાલવાટીકા, તથા ધો. ૧ અને ૨ માં તો પ્રજ્ઞા અભિગમ અપનાવવામાં આવ્યો છે જેમાં બાળક પ્રવૃત્તિ દ્વારા જ શિક્ષણ મેળવે છે તે ખુબ સારી બાબત છે, બાળકો આનંદદાયી, પ્રયોગાત્મક અને તણાવમુકત શિક્ષણ મેળવી શકે તે માટે સરકાર પણ પ્રયત્નશીલ બની ખુબ ઉંડાણ પૂર્વક શિક્ષણ માટે વીચારણા કરે છે, પરંતુ ખાનગી શાળામાં નાના ભુલકોઓને રમત–ગમત, સંગીત, ચીત્ર જેવા વિષયોને ખુબ ઓછુ પ્રાધાન્ય આપી માત્રને માત્ર પુસ્તકીયા જ્ઞાન પર વધુ ધ્યાન આપવામાં આવી રહ્યું હોય તેવુ લાગે છે.

ત્યારે બાળકો મુકત મને શિક્ષણ મેળવી શકે, બાળકના મનમાં ભણતર પ્રત્યે અરૂચી ના ઉભી થાય, બાળકને પોતાની વય મર્યાદા કરતા વધુ ભાર ઉપાડી શાળાએ ના જવુ પડે અને શાળામાં રમતા રમતા અને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ મળી રહે તે માટે સરકારના નિયમોનું પાલન ખાનગી શાળામાં થાય તે માટે ચાડીયા સામાજીક ન્યાય સમિતિના ચેરમેન દિપાલીબેન મકવાણા દ્વારા શિક્ષણાધિકારીને પત્ર લખી રજુઆત કરવામાં આવી હતી.

# સાવરકુંડલા ખાતે વીરદાદા જસરાજ સેના દ્વારા રઘુવંશી રાસ–ગરબાનો આસ્થાભેર પ્રારંભ



સાવરકુંડલા, તા. ૪

શ્રી લોહાણા મહાજન પ્રેરિત શ્રી વીર દાદા જસરાજ સેના દ્વારા સમગ્ર લોહાણા સમાજ રઘુવંશી રાસ ગરબાનું માતાજી ના નવલા નોરતા નું આયોજન કરેલ તેમાં આજ પ્રથમ દિવસે માતાજી ની આરતી તેમજ દીપ પ્રાગટ્ય માં ઉપસ્થિત ભક્રિમ બાપુ જગદીશભાઈ માધવની અષ્ટકાંત ભાઈ સૂચક હસુભાઈ સૂચક ૠગ્નાથભાઈ ગઢીયા હસુભાઈ વડેરા મહેશભાઈ મશરૂ રાજુભાઈ શિંગાળા અરવિંદભાઈ ખીમાણી રમુદાદા માનસેતા હિતેશ સરૈયા તેમજ દરેક જ્ઞાતિ જનો હાજર રહેલ.

# લાઠી તાલુકામાં સરપંચ તથા તલાટી કમ મંત્રીની રિફ્રેશર તાલીમ સંપન્ન






તા.૨ આક્ટોબર – મહાત્મા ગાંધીજીના જન્મ દિવસને સમગ્રભારતમાં 'સ્વચ્છ ભારત દિવસ' તરીકે ઉજવવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, વર્ષ–૨૦૧૪માં શરૂ થયેલ સ્વચ્છ ભારત મિશનના ૧૦ વર્ષ પૂર્ણ થયા છે. અમરેલી જિલ્લાના વિવિધ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સ્વચ્છતાને લઈને વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સાફ–સફાઈ ઝુંબેશ શરૂ છે. જિલ્લામાં ગ્રામ્ય સ્તરે નિયમિત સ્વચ્છતા જાળવવા બાબતે રિફ્રેશર તાલીમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. લાઠી તાલુકામાં વિવિધ ગામના સરપંચ તથા તલાટી કમ મંત્રીની રિફ્રેશર તાલીમ સંપન્ન થઈ હતી. ગામને કાયમી ધોરણે સ્વચ્છ રાખવા માટે વિવિધ વિગતોનું આદાનપ્રદાન કરવામાં આવ્યું હતુ. કાયમી સફાઈ પ્રવૃત્તિઓ, વિવિધ સ્પર્ધાઓ દ્વારા જનજાગૃત્તિ, ગટરલાઈન સાફ સફાઈ સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. લાઠી તાલુકામાં ગ્રામ્ય કક્ષાએ નિયમિત રીતે સ્વચ્છતા જાળવવા અને પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ થાય તે માટે નાગરિકોની ભાગીદારી વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. સમગ્ર જિલ્લામાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત સ્વચ્છતાલક્ષી વિવિધ સ્પર્ધા, નાટકની પ્રસ્તુતિ થકી નાગરિકોને સ્વચ્છતા પ્રત્યે જાગૃત્ત કરવામાંઆવી રહ્યા છે. સ્વચ્છતા પ્રત્યે જનજાગૃત્તિ માટે જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં નિયમિત સ્વચ્છતા જળવાઈ રહે તે માટે સૌને સહિયારા પ્રયત્ન કરવા અનુરોધ છે. જિલ્લો સ્વચ્છ, સ્વસ્થ અને હરિયાળો બને, રોગચાળા મુકત બને તે બાબતે સૌને સ્વચ્છાગ્રહી બનવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# અમરેલી : ઓક્સફર્ડ સ્કૂલ ખાતે ત્રિવિધ કાર્યક્રમો સાથે ગાંધી જયંતીની ઉજવણી કરાઇ



બીજી ઓક્ટોબરને બુધવારના રોજ આપણા ભારત દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૫ મી જન્મ જયંતિ સમગ્ર દેશમાં ખૂબ જ ઉત્સાહ અને હર્ષોલ્લાસ સાથે ઉજવાય રહી હોય ત્યારે અમરેલી જિલ્લામાં હરહંમેશ બોર્ડ પરિણામમાં અવલ્લ નંબરે આવતી ઓકસફર્ડ સ્કૂલ ઓફ સાયન્સમાં ત્રિવિધ કાર્યક્રમ સાથે 'ગાંધી જયંતિ'ની ઉજવણી કરવામાં આવી. જેમાં ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગાંધીજીના સ્વચ્છતા અભિયાનને જે વેગ આપવામાં આવેલ તે અન્વયે અમારી સ્કૂલના શિક્ષકો, સંચાલકો અને વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરી ખૂબ જ ઉત્સાહભેર સ્વચ્છતા અભિયાનમાં ભાગ લઈ પોતે ધન્યતા અનુભવી અને ગાંધી જયંતિ નિમિતે ખાસ સંસ્થા દ્વારા બાળકોમાં રહેલી સુષુપ્ત કળાને નિખારવા માટે નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ધોરણ ૬ થી ૧૨ ના ૪૭૦ વિદ્યાર્થીઓએ પોતાની આગવી સૂઝબૂઝથી સ્વચ્છતા, શિસ્ત, દેશપ્રેમ, રાષ્ટ્રના ઘડવૈયાઓ તથા મહાપુઢષોનાં જીવન ચરિત્ર અને કાર્ય – ઘટનાઓને શાબ્દિક અને ચિત્ર દ્વારા રજૂઆત કરીને નિર્ણાયકોને મંત્રમૂગ્ધ કરી દીધા હતા. બંને સ્પર્ધામાં વિભાગવાઈઝ પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમ પ્રાપ્ત કરેલ વિદ્યાથી'ઓનેપ્રોત્સાહિત ઈનામ આપીને તેમની શૈક્ષણિક ઉપરાંત સહ – અભ્યાસિક પ્રવૃતિમાં રસ – રૂચિને બિરદાવવા અને તેમનામાં રહેલ કળ ને ખિલવવા માટે તત્પર ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ સદાય આ પ્રકારની સહ – અભ્યાસિક પ્રવૃતિઓનું આયોજન કરતી આવી છે તથા ભવિષ્યમાં પણ કરશે. આ સંસ્થાનું ધ્યેય બાળકોના શૈક્ષણિક ઉપરાંત અન્ય ક્ષેત્રે પ્રતિભા ખિલવી તેમનો સર્વાંગી વિકાસ સાધવાનું છે, જે હાસલ કરવા સંસ્થા હરહંમેશ કટિબધ્ધ રહેશે.

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસનો સપાટો

## લીલીયા પોલીસે દેશી દારૂ અને બાઈક સાથે બુટલેગરની અટકાયત કરી

### આરોપી વિપુલભાઈ ગોહિલ સહિત રની વિરૂધ્ધ કાર્યવાહી

લીલીયા, તા. ૪

લીલીયા પો.સ્ટે.ના ઈન્સ. આઈ.જે. ગીડાની સુચના તથા જરૂરી માગદર્શન મુજબ લીલીયા ટાઉન વિસ્તારમાં આવેલ નીલાગરા ચોકડીથી આગળ પુંજાપાદર ગામ તરફ જવાના રોડ ખાતેથી દેશી દારૂ લી–૨૫ કિંમત રૂા. ૫૦૫૦ તથા હીરો કંપનીનું બ્લુ તથા લાલ કલરના પટ્ટાવાળુ સ્પેન્ડર પ્લસ મોડેલની મોટર સાયકલ જેના આર.ટી.ઓ. રજી. નં. જી.જે.–૧૪ એએસ–૪૯૭૩ની કિંમત રૂા. ૪૫૦૦૦ તથા રોકડ રૂપિયા ૭૦૦ તથા મોબાઈલ ફોન કિંમત રૂા. ૫૦૦૦ મળી કુલ કિંમત રૂા. ૫૫૭૫૦ના મુદામાલ સાથે વિપુલભાઈ ગોહિલ તથા અન્ય ઈસમને પકડી પાડી કાયદેસર કાર્યવાહી લીલીયા પોલીસ ટીમે કરેલ છે.



### ૩ ઈસમોએ કારમાં આવીને ગાળો આપી

## કુંકાવાવનાં સુભાષચોકમાં ગરબીમાં લાઈટ લગાવનાર યુવક સહિતનાં વ્યકિતઓને ધમકી

અમરેલી, તા. ૪

કુંકાવાવ ગામે આવેલ સુભાષ ચોકમાં રહેતા અમીતભાઈ રવજીભાઈ ચોવટીયા નામનાં ૩૩ વર્ષિયયુવકતથાઅન્યલોકોનવરાત્રીના તહેવાર સબબ કુંકાવાવ ખાતે સુભાષ ચોકમાં ગરબીમાં લાઈટ ફીટીગનું કામ કરતા હોય. તે વખતે આરોપીઓ ફોરવ્હીલ ગાડી નં. જીજે–૧૧ એ.બી–૦૭૩ર પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી આડેધડ કાવા મારી યુવક તથા અન્ય લોકો પાસે આવી જોરથી બ્રેક મારી ઉભી રાખી કારમાં બેઠેલા તે જ ગામે રહેતા જગદીશભાઈ રાયધનભાઈ ડવ તથા બે અજાણ્યા મળી ત્રણેય આરોપીઓ ફોર વ્હીલમાંથી નીચે ઉતરી યુવક સહિતનાઓને જેમ ફાવે તેમ ગાળો આપી આ કામ બંધ કરી અહીથી જતા રહો તેમ કહી યુવકને ડાબા ગાલ પર એક લાફો મારી તેની ગાડીમાંથી છરી કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપી ત્રણેય આરોપીઓ ફોરવ્હીલ ગાડી લઈ નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## સાવરકુંડલા ''કલાઉત્સવમાં'' મોદી હાઈસ્કુલના વિદ્યાર્થીઓનો દબદબો





સાવરકુંડલા, તા. ૪

નૂતન કેળવણી મંડળ સાવરકુંડલા સંચાલિત જે.વી. મોદી હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ એસ.વી.એસ. કક્ષા ''કલાઉત્સવ''માં જે.એન. માધ્યમિક વિભાગ સંગીત ગાયનમાં વેગડ કુલદીપ પ્રથમ નંબર, માધ્યમિક વિભાગ સંગીસત વાદનમાં ચોપડા રાહુલ પ્રથમ નબર પાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. શાળાના પ્રિન્સિપાલ આશિષભાઈ જોષી તથા નૂતન કેળવણ્ઝી મંડળના ટ્રસ્ટીઓ અને શાળા પરિવારે સંગીતના શિક્ષક સંજયભાઈ મહેતા તેમજ તમામ વિજેતા વિદ્યાર્થીઓને ખૂબ – ખૂબ અભિનંદન અને શુભકામના પાઠવી હતી.

## મોટા ભંડારીયા : જવાહર નવોદય વિદ્યાલયમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ

અમરેલી, તા. ૪

અમરેલી જવાહર નવોદય વિદ્યાલય, મોટા ભંડારીયાના આચાર્યની યાદી જણાવે છે કે, ધોરણ ૯માં પ્રવેશ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ ભરવાની શુભારંભ થઈ ગયો છે તો જ.ન.વિ. પ્રવેશ પરીક્ષા ૨૦૨૫/૨૬ ધોરણ ૯ લેટરરલ એન્ટ્રી માટે ઓનલાઈન ફોર્મ ભરાઈ રહ્યા છે તો લાગતા વળગતા વિદ્યાર્થી, વાલીઓ, માધ્યમિક શાળાના આચાર્યઓ, પ્રાથમિક શાળાના આચાર્યઓ તેની નોંધ લેશે.

### પાલિકાનાં શાસકો યોગ્ય કરે તેવી માંગ

## જાફરાબાદનાં બંદર ચોકમાં બનાવાયેલ ભૂગર્ભ ગટરની મરામત કરવી જરૂરી

### જર્જરિત ગટરનાં લીધે અકસ્માતનો ભય

જાફરાબાદ, તા. ૪

જાફરાબાદ શહેરનું ઐતિહાસિક ચોક એટલે કે બંદર ચોક જે ચોકમાં ૪૦૦ થી ૫૦૦ ફૂટ લાંબી અને અઢીથી ત્રણ ફૂટ પહોળી ભૂગર્ભ ગટર જાફરાબાદ નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ છે. જેમની ઉપર સ્લેબ ભરી અને તેને ઉપરથી બંધ કરવામાં આવેલ જેને લાંબો સમય થતાં આ ગટર ધીમે ધીમે જર્જરી થતા અમુક અમુક જગ્યા ઉપર ખાડાઓ પડી ગયા છે તો અમુક જગ્યા પર સ્લેબ તૂટી અને ગટરની અંદર પ્રવેશ કરી ચૂકયો છે. હવે આ ગટર ઉપરથી જ ખારવાવાડ વિસ્તારમાં જવા માટે ગટરની ઉપર થઈને જ અંદર પ્રવેશ કરવો પડે છે. આવા સમયમાં આ જર્જરીત ગટરના લીધે સ્ત્રીઓ ,બાળકો કે મોટી ઉંમરના વડીલોને પોતાના ઘર તરફ જવું કે ઘરેથી ગામમાં નીકળવું મુશ્કેલ થઈ રહ્યું છે. જો તત્કાલ આ ગટરનું નવનિર્માણ કરવામાં નહીં આવે તો કયારેક ગંભીર પ્રકારની હોનારત થવાની શકયતા રહેશે અને તેના માટે કોણ જવાબદાર છે. તો તત્કાલ તંત્ર દ્વારા યોગ્ય પગલા લઈ અને આ ગટરનું નવનિર્માણ કરવામાં આવે જેથી લોકોને અવરજવરમાં તો નાના મોટા વાહનોને પણ લાવવા લઈ જવામાં હળવાશ થઈ શકે. આ ગટરના તૂટવાથી લોકોને પગ મૂકતાં પહેલાં ડર હાવી થઈ રહ્યો છે. જેમની તંત્ર દ્વારા ગંભીર નોંધ લેવી ખુબજ જરૂરી છે.



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

## ધરાઈ ગામે નવલા નોરતાનો આસ્થાભેર પ્રારંભ

બાબરા, તા. ૪

બોલ માડી અંબે જય જય અંબેના નાદ સાથે માઁ આદ્યશકિતના નવલા નોરતાનો પ્રારંભ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ધરાઈ ગામે આશરે ૪૫ વર્ષથી ચાલી રહેલી અતિપ્રાચીન માતાજીની ગરબીનો શ્રી શકિત ગરબી મંડળ દ્વારા ભારે ઉમંગ અને ઉત્સાહ અને આકાશમાંથી ઉતરા રે ભોળી ભવાની માઁ ના નાદ સાથે માતાજીના નવલા નોરતાનો પ્રારંભ કરવામાં આવ્યો. નવરાત્રીનું પાવન પર્વ એટલે માતાજીની સ્તુતિ અને આરાધના કરવાનું પર્વ. માતાજીના આગમન સમયે શ્રી શકિત ગરબી મંડળ તથા ક્રિષ્ના યુવા ગ્રુપ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.




મકાન વેચવાનું છે

૪- બેડરૂમ, હોલ, કીચન, ફિકસફર્નીચર, કાર પાર્કિંગ, ફળીયું, કલર-પી.ઓ.પી. કરેલ, એક વસા જગ્યામાં, સંપુર્ણ સગવડતાવાળુ બંગલા ટાઈટલનું મકાન વેચવાનું છે.

ચિતલ રોડ, તપોવન પાર્ક

સંપર્ક : ૮૨૦૦૬ ૩૮૬૨૪

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

હોલસેલ ભાવે ટી-શર્ટ... ટી-શર્ટ...

બાન્ડ ન્યુ વેરાઈટીઝમાં હોલસેલ ભાવમાં ટીશર્ટનો અઘધધ.... ખજાનો......

રીટેલર રેડીમેઈડ દુકાન ધારકો, ટીશર્ટના વેપારીઓ માટે અમારે ત્યાંથી કપલ ટીશર્ટ, ફેમિલી ટીશર્ટ, ગ્રૂપ મેચીંગ ટીશર્ટ, પ્રિન્ટેડ ટીશર્ટ....

નોંધ: બદલાની સવલત પણ આપવામાં આવશે

ફકત વેપારીઓ જ સંપર્ક કરે...

હોલસેલ..... હોલસેલ......

સંપર્ક : ૯૯૭૮૮ ૭૯૬૭૮















# સમયને સાચવો સમય તમને સાચવશે

## પગદંડી/લેખન



**– શ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )**

આ સુત્રને એક શબ્દમાં કહેવું હોય તો કહી શકાય ''નિયમિતતા' બસ આ એક શબ્દને જીવનમાં અપનાવી લેતા બાકીની તમામ સફળતા તમારા કદમ આગળ આળોટશે.

નિયમિતતા માટે ઘણી કહેવતો પ્રચલિત છે. (૧) શુભસ્ય શીઘ્રમ્ (૨) કાલ કરે સૌ આજ કર, આજ કહેતો અબ કર. આ નિયમિતતાને અપનાવી વિશ્વનાં અસંખ્ય મહાપુરૂષો, દાનવીરો, સંતો–મહંતો, અવતારો, શુરવીરો, રમતવીરો, પર્વતારોહમે વિગેરેએ નિયમિતતા અને સમયપાલનને હિસાબે જ સફળતા મેળવી શકયો છે.

આ સંદર્ભે જેમનો જન્મ હમણા ર ઓકટોબરે ઉજવ્યો તે મહાતમા ગાંધી છે. તેઓ મોહનમાંથી મહાત્મા બન્યા તેની પાછળ માત્ર ને માત્ર કોઈ કારણ હોય તો તે છે. સમયપાલન, નિયમિતતા, ગાંધીજી જીવનચરિત્ર, અત્યનાં પ્રયોગો આત્મકથા વાંચતા એનો ખ્યાલ આવશે.જે જે વ્યકિતઓએ જીવનમાં નિયમિતતાને સમયપાલનને મહત્વ આવેલ છે. તેઓએ સફળતાનાં શિખરો સર કર્યા છે. પણ અફસોસ સાથે કહેવું પડે છે. કે આજે એક એવી માન્યતા પ્રવર્તે છે. કે આપણાથી આજ કોઈ કામ ન થયું તે બહુ હળવાશથી કહીએ છીએ. કંઈ વાંધો નહિ, કાલે કરીશું, પરમશ્વસે કહીશું, હોતી હે ચલતી હે. આથી માન્યતાને કારણે આવા મનુષ્યો જીવનમાં કયારેય સફળ થતાં નથી. આવાં સફળ મહામાનવોની વાત કરવી છે.

(૧) લેન્સ આર્મસ્ટોંગ વિશ્વવિખ્યાત સફળ સાયકલ રેખર હતા. તેઓ કેન્સરની બીમારીથી પીડાતાં હોવા છતાં બે વાર ઓલમ્પિક એમ્પિયન બન્યા હતા. એની પાછળનું કારણ દરરોજ ૨૪ કલાકમાંથી ૧૨–૧૩ કલાક સાયકલની પ્રેકટીશ કરતા હતા.

(૨) દેશ વિદેશોમાં ઘણાં દોડવીરોએ નિયમિત પ્રેકટીશ કરીને ગોલ્ડ મેડલો જીત્યો છે. રેમાના કાર્લ લ્યૂઈસનું નામ મોખરે છે. તેઓ દોડવાની તાલીમ દરરોજ ૧૦ કલાક કરતા હતા.ભારત પ્રખ્યાત દોડવીર પી.ટી ઉષાને જાણીયો જ છીએ. એવા જ દોડવીર મિલ્ખા સિંઘ છે. કારણ કે તેઓ નિયમિત તાલીમ લેતા હતો.

(૩) હાઈજંપ – આકાશમાં કુદમે મારવામાં સરગી બુબકાને યાદ કરવા રહયા. જેમણે ૩૫ વખત વર્લ્ડ રેકોર્ડ તોડેલ છે. (૪) કાર રેસમાં જેમનું નામ બોલાય છે. એ છે માઈકલ શૂભષ્કર છે. તેઓ એક કલાકમાં ૩૫૦ થી ૩૮૦ કિ.મી.ની ઝડપે ગાડી ચલાવે છે. ને સાત વખત વર્લ્ડ રેકોર્ડ સ્થાપેલ છે. (૫) સચીન તેંડુલકર દરરોજ સવારે નિયમિત રીતે ૪૦૦ થી ૫૦૦ બોલની પ્રેકટીશ કરતા.મહાત્મા ગાંધીજીની સાથે બાલબહાદુર શાસ્ત્રીજી, સરદાર પટેલ, શુભાષચંદ્ર બોઝ, નાનાભાઈ ભટ્ટ, મહાદેવભાઈ દેસાઈ, નારાયણદાસ દેસાઈ, આજના ફિલ્મ જગતનાં મહાનાયક અભિતાભ બચ્ચન એમાનાં એક છે. નેલ્સન મંડેલા, અબ્રહામ લિંકન, વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વિગેરે ચુષ્ત સમયપાલક હતા ને છે.ધર્મ કે આધાત્મિક ક્ષેત્રમાં પણ એવા અવતારો, સંતો, મહંતો થયાં છે કે જેમણે સમયને પારખી તેનો ઉપયોગ કરેલ છે.સ્વામીનારણ સંપ્રદાયનાં દેવજી ભગતનું નામ મોખરે છે. કારણ કે રોજ તેઓ ૫૦૦ માળાનો ભય કરતા હતા. રામ, કૃષ્ણ સ્વામી સચ્ચિદાનંદ મોખરે છે. તેમની સમયપાલનતા એવી છે કે, કોઈ તેમને કાર્યક્રમમાં નિયંત્રણ આપે. સમય આવ્યો હોય તે મુજબ સ્વામીજી મંડલમાં આવીને બેસી જતા પછી કોઈ આવ્યું હોય કે ન આવ્યું હોય. ને સમય થતાં પાછા ચાલ્યા જાય. ઉપરોકત તમામ મહાનુભાવોથી પણ કોઈ સમયપાલનમં ચડિયાતું હોય, આગળ હોય તો તે છે. આપણી મમ્મી જે માચીયો સમય પાલનનું ટાઈમ ટેબલ ન અપનાવ્યું હોત તો અપણાં જન્મ જ ન થયો હોયત આપણો આગળ વધી શકાય ન હોત, મહાન બની શકયા ન હોત, તમામ સફળ મનુભાવોનાં પાયામાં જીવનમાં મહત્વનો ભાગ ભજવ્યો હોય તો તેના મલાપિતા છે. પણ કરવાની વાત એ છે કે, આપણો મોટા થઈ માતાપિતાને ભુલી જઈએ છીએ, તેમની અવગણાનાં કહીએ છીએ.અંતમાં એટલું જ કે સફળ તાની સીડી ચડવી હોય તો માત્ર એક શબ્દ યાદ રાખજો. સમયપાલન – **અસ્તુઃ**




# બાલ એકસપ્રેસ



– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

**સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી**

## અમરેલીનાં સાહિત્યકાર–લેખકોના નામ



**અરજણભાઈ લક્ષ્મણભાઈ મંડોરા :**

વડોદરા સ્ટેટ વખતનાં અગ્રણી કોન્ટ્રાકટર ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિનાં અરજણભાઈ લક્ષ્મણભાઈ મંડોરા અમરેલીનાં મહાજન ગણાતા.તેઓએ અમરેલીના સયાજી ઘંટાઘર (ટાવર), ઠેબી અને વડી નદીનાં સંગમ પર સામે કઠિ આવેલ કામનાથ મંદિરની પાજ, અમરેલની પાવર હાઉસનું મકાન, ધાંટવડ–કોડીનાર વચ્ચેની રેલ્વે લાઈનનું બાંધકામ કરેલ છે. તેઓએ ધારી ગામમાં પાવર હાઉસની સ્થાપના કરી હતી. અમરેલીમાં શેઠ – પટેલ અને મંડોરાની ઈલેકટ્રીક કંપની ચાલતી તેના તેઓ ભાગીદાર હતા. અમરેલીમાં સૌપ્રથમ વીજળી (લાઈટ) તેમના ઘરમાં આવી હતી. અમરેલીમાં બહારપરા વિસ્તારમાં આવેલ તેમનાં 'મંડોરા ભુવન' ના મકાનને વીજળીનાં બલ્બોથી શણગારવામાં આવેલ ત્યારે રોશની જોવા ગામ ઉમટયું હતું. વડી–ઠેબી નદીની વચ્ચેની વચ્ચે તેમની વાડી હતી. જે 'મંડોરાની વાડી' તરીકે ઓળખાતી. ઈ.સ.૧૯૪૭માં ૫૪ વર્ષની વયે તેમનું અવસાન થયું.



**વિસામણભાઈ વાળા :**

### ભાતીગળ સૌરાષ્ટ્ર

અમરેલી શહેર સુધરાઈનાં પૂર્વ પ્રમુખ અને અમરેલીની કાઠી બોર્ડિંગના સ્થાપક વિસામણભાઈ કાળભાઈ વાળાનું વતન લાલાવદર છે. ઈ.સ.૧૯૪૭માં તેઓ એલએલ.બી. થયા, અને વડોદરા રાજયની સેવામાં અમરેલી તાલુકાના પ્રોબેશનલ મામલતદાર તરીકે જોડાયા. આઝાદી પછી ૧૯૫૧ માં તેમણે અમરેલીમાં વકીલાત શરૂ કરી, એ પહેલાં ૧૯૪૯માં તેમનાં પ્રયાસોથી અમરેલીમાં કાઠી બોર્ડિંગ શરૂ થઈ. ૬૦ વર્ષથી તેઓ આ બોર્ડિંગના પ્રમુખપદે છે, ૧૯૫૨ થી ૧૯૬૦ સુધી તેઓ અમરેલી શહેર સુધરાઈનાં ઉપ–પ્રમુખ અને ૧૯૬૧ થી સુધરાઈના પ્રમુખપદે રહયા. ૧૯૮૫ સુધી તેઓ સુધરાઈ સાથે સંકળાયેલા રહયા. તેમના શાસનકાળ દરમિયાન અમરેલીમાં અનેક વિકાસકામો થયા. શહેરમાં ડામર તથા સિમેન્ટનાં રસ્તાઓ બન્યા. બાલમંદિર તથા શાળાનાં મકાન બન્યા. ગાંધીબાગ તથા સ્નાનાગાર બન્યા. શહેરમાં ગટરની સુવિદ્યા શરૂ થઈ. સુધરાઈનો વહીવટ તેમણે પ્રામાણિકતાપુર્વક કર્યો. સંસ્થાનાં વહીવટ ઉપર તેમની સારી પકકડ હતી. તેમનાં વહીવટ દરમિયાન બનેલા સીમેન્ટનાં રસ્તાઓ આજે પણ એવા જ સારા રહયા છે.

**ઈચ્છાબેન પંડયા :**

અમરેલી મહિલા વિકાસ મંડળના સ્થાપક, અમરેલીમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણનો પ્રારંભ તેમનાં સહકારથી થયો હતો. તેઓએ અનાથ, નિરાધાર મહિલાઓનાં ઉત્કર્ષ માટે અમરેલીમાં મહિલા વિકાસ ગૃહની સ્થાપના કરી હતી. આ સંસ્થાએ અનેક દુઃખિયારી મહિલાઓનાં જીવનમાં અજવાળાં પાથર્યા છે. ગુજરાત સરકારે તેમની માનદ મેજિસ્ટ્રેટ તરીકે નિમણુંક કરી હતી.

**ન્યાલચંદ મૂલચંદ શેઠ :**

કુંકાવાવનાં વતની ન્યાલચંદભાઈ શેઠે આરઝી હકૂમતની સ્થાપનામાં ભાગ લીધો હતો. આઝાદી પછી સૌરાષ્ટ્રનાં ગામડાઓમાં ગ્રામપંચાયતની સ્થાપના થાય એ માટે તેઓ ગામડે–ગામડે ફર્યા હતા. અમરેલી જિલ્લા વિદ્યાસભા સાથે તેઓ સંકળાયેલા હતા. અમરેલીની ખેતાણી દશા શ્રીમાળી જૈન બોર્ડિંગના તેઓ પ્રમુખ હતા.

## કાલીબાઈ

**જન્મ : – ૧૯૩૪, વીરગતિ : ૧૯ મે, ૧૯૪૭,**

૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ દેશ આઝાદ થયો. બરાબર તેના બે મહિના બે પહેલાં એટલે કે જૂન માસની ૧૯ તારીખે એક ઘટના બની. રાસ્તાપાલ એ રાજસ્થાનના ડુંગરપુર જીલ્લાનું એક ગામ. નાના એવા ગામમાં શિક્ષણ માટે એક પ્રાથમિક શાળા. બાળકો પાઠશાળામાં શાંતિપૂર્વક અભ્યાસ કરે. ૧૯ જૂન, ૧૯૪૭ના દિવસે પાઠશાળા પાસે પોલીસોની એક જીપ આવીને ઉભી રહી ગઈ. ગામથી થોડેક દૂર ભીલ લોકોની વસતીનો વસવાટ હતો. પેલી જીપમાંથી પોલીસ ઊતર્યા. એક પોલીસવાળો પાઠશાળાના આચાર્ય પાસે પહોંચ્યો અને કહ્યું, માસ્તર સાહેબ, મોટા સાહેબ તમને બહાર બોલાવ્યા છે. આચાર્ય અને શિક્ષકો જીપ પાસે ગયા. ડુંગરપુરના મેજિસ્ટ્રેટ જીપમાંથી નીચે ઊતર્યા અને આદેશ આપ્યો કે, 'તમે લોકો અંગ્રેજો વિરૂદ્વ વિદ્યાર્થીઓને ભડકાવો છો. તેથી આ પાઠશાળાને તરત જ બંધ બરી દેવાનો હુકમ આપવામાં આવે છે.' ત્યારે સેંગાભાઈ તેની વિરોધ કરતાં મેજિસ્ટ્રેટના હુકમથી પોલસોએ ઢોર માર માર્યો. નાનાભાઈ વચ્ચે પડયા તો તેમને પણ માર્યા. નાનાભાઈ






લોહીના ખાબોચિયામાં બેહોશ થઈને પડી ગયા. સેંગાભાઈને પોલીસો જીપની પાછળ બાંધવા લાગ્યા. આ દશય બાળકો અને શિક્ષકો જોઈ રહ્યાં હતાં, પરંતુ જીપ તરફ જવાની હવે કોઈની હિંમત થતી નહોતી. એ જ સમયે એક ૧૩ વર્ષની બાળકી કાલીબાઈ વર્ગખંડમાંથી દોડી અને જીપની આગળ આવી ઉભી રહી ગઈ. તેણે પોતના બન્ને હાથ પહોળા કરી જીપનો રસ્તો રોકી દીધો. પોતાના ગુરૂજીને આ રીતે બાંધેલા જોઈ તે જાણે કે રણચંડી બની ગઈ. જોરજોરથી તે બોલવા લાગી. 'અમારા શિક્ષકને છોડી દો. હું જીવતી છું ત્યાં સુધી તેમને હું નહી લઈ જવા દઉં.' એક પોલીસે કાલીબાઈને જોરથી બે થપ્પડો મારી અને ખેંચીને જીપથી દૂર ફેંકી. પોલીસના આ આતંકથી સહેજ પણ નિરાશ થયા વગર તે પાઠશાળા તરફ દોડી. મેદાનમાં રસ્તામાં પડેલું દાતરડું હાથમાં આવ્યું. ઝડપથી તે જીપ તરફ દોડી અને સેંગાભાઈને બાંધ્યા હતા તે દોરડું એક ઝાટકે કાપી નાખ્યું. ગુરૂજી તો મુકત થયા પણ મેજીસ્ટ્રેટનો ગુસ્સો આસમાને પહોંચ્યો. અને પોતાની રિવોલ્વરથી કાલીબાઈ ઉપર ગોળીબાર કર્યો. કાલીબાઈએ ત્યાં જ ધરતી પર પછડાંતા પોતાના પ્રાણ ત્યાગી દીધા. ગોળીઓનો અવાજ સાંભળી પાઠશાળાનાં બાળકો અને શિક્ષકો ત્યાં પહોંચી ગયાં અને ભીલો પણ ઘટનાસ્થળ પર આવી ગયા. ભીલકન્યા કાલીબાઈના મૃતદેહને જોઈને ભીલો ઉત્તેજીત થઈ ગયા. તેમણે જીપને ચારેબાજુથી ઘેરી લીધી. સદનસીબે મેજીસ્ટ્રેટ પોતાના પોલીસો સાથે નાસી છૂટવામાં સફળ થયો. ૧૯૩૪મી જન્મેલી કાલીબાઈ માત્ર ૧૩ વર્ષની વયે, ૧૯મી જૂન, ૧૯૪૭ના રોજ વીરગતિ પામ્યાં. સૌને ભીની આંખે તેનો અગ્નિસંસ્કાર કર્યો.


**ગુરૂ કી સચ્ચી પૂજા ઉનકે આદર્શો પર ચલ દિખલાના, અવસર હો યદિ બલિદાનો કા હંસકર જીવન પુષ્પ ચઢાનાં**

## બાળકોએ સોંપેલા કામો





સો પાનની ગ્રાફ બુક લાવવા માટે બાળકે તમને ત્રીજીવાર યાદી આપવી પડે તો સમજજો તમે એના સંપૂર્ણ ગેરલાયક વાલી છો. શાળા – કોલેજોના શિક્ષણ દરમિયાન બાળકોની નાની મોટી શૈક્ષણિક જરૂરિયાતોનું તે જ દિવસે પરિપાલન થઈ જવું જોઈએ. બાળકનો અગ્રતાક્રમ વાલીઓએ સમજવો જોઈએ. આવું જ બુટની વાધરી અંગે કે બેલ્ટ વિશે કે ચશ્માના કાચ બદલાવવા વિશે છે. શર્ટનું બટન તૂટી જાય ત્યારે એક સપ્તાહ પછી નવું બટન ટાંકી આપતી માતા વાસ્તવમાં એની મહત્વની ફરજો ચૂકે છે. અનિવાર્ય હોય એવી સાધન સંપન્નતામાં રહેલી અધૂરપને કારણે બાળકને શાળા – સમય દરમિયાન થોડો ખટકો રહ્યા કરે છે. જે એના સહજ વિકાસમાં મોટા અંતરાયો ઊભા કરી શકે છે. એના ટિફીનમાં ભરવામાં આવતો નાસ્તો પણ એની પસંદગી અને આરોગ્ય બન્નેને એકસાથે ધ્યાનમાં રાખીને નકકી થવો જોઈએ. રિસેસ દરમિયાનનું એનું જીવન એ એક એવું જીવન હોય છે જેની શાળામાં ગયા પછી કે અડધા દિવસ સુધી પ્રતિક્ષા કરતા હોય છે. રિસેસનો બેલ પડે ત્યારે સંભળાતા આનંદના ચિત્કારો તરફ તમારે માન આપવું જોઈએ.


## પંખીઓને બોધપાઠ મળ્યો



નંદનવન નામના જંગલમાં એક મોટો વડ હતો. આ વડ પર ઘણાંબધાં પંખીઓ રહેતાં હતાં. તેમાં કાગડો પણ હતો બધાં પંખીને આ કાગડા પ્રત્યે ભારે અણગમો હતો. કોઈ પંખી તેને બોલાવતાં નહીં. તે કયારેક આનંદથી ગાવાનું શરૂ કરે ત્યાં બધાં પંખીઓ કહેતાં, 'બંધ કર આ તારૂં ગાવાનું તારા કર્કશ અવાજથી અમારાં બચ્ચાં ડરી જાય છે. અમને પણ તારા ગાવાથી કંટાળો આવે છે.'એક દિવસ કાગડો એકલો એકલો કંટાળીને વડ છોડીને ચાલ્યો ગયો. તેને ગયાને પંદરેક દિવસ થવા છતાં કોઈએ તેની નોંધ ન લીધી. પણ અચાનક બધાં પંખીઓનાં બચ્ચાં બીમાર પડવા માંડયાં. ડો. હાથીને બોલાવવામાં આવ્યા.ડો. હાથીએ આજુબાજુ નિરીક્ષણ કરીને કહ્યું, 'આ વડ નીચે ગંદકી બહુ હોવાથી તમારા બચ્ચાં બીમાર પડે છે. અહીં એંઠવાડ પણ કેટલો બધો છે ?'ડો. હાથીની વાત સાંભળી પંખીઓ વિચારવા લાગ્યાં કે વાત તો સાચી છે. ઘેઘૂર વડ હોવાથી



સિંહ, વાઘ વગેરે શિકાર કરીને લાવેલાં પ્રાણીને અહીં જ ખાતા. વળી, વડ ગામની પણ નજીક હોવાથી ગામલોકો વધેલું ભોજન અને એંઠવાડ અહીં જ નાખી જતાં. અત્યાર સુધી કાગડો હોવાથી આ બધું ખાઈ જતો અને તેથી સ્વચ્છતા જળવાતી, કોઈ બીમાર પડતું નહીં.'આપણે કાગડાને સન્માનપૂર્વક બોલાવવો રહ્યો. આપણી ભૂલ કબૂલ કરવી જ રહી. દરેક વ્યકિત, પશુ–પંખી સમાજનાં અભિન્ન અંગ છે. દરેકની કોઈ ને કોઈ ઉપયોગિતા છે.' વૃદ્ધ પોપટ બોલ્યો. બધાંના સમજાવવાથી અને માફી માગવાથી કાગડો પણ પ્રસન્નતાપૂર્વક વડ ઉપર પાછો ફયોર. બધાં સંપીને રહેવા લાગ્યાં.



**બાલમિત્રો,**

બે ઓકોટોબરનો દિવસ આપણા માટે કઈ રીતે મહત્વનો છે ? જાણો છીએ ? આનો જવાબ તમામ બાળકોએ આપ્યો. કારણ કે (૧) શાળામાં રજા હતી. (૨) ગાંધીજી વિશે શાળામાં વાતો થઈ હોય. બાળકોએ પણ એમાં ભાગ લીધો હોય ગાંધીજી વિશે વાંચ્યું હોય, પ્રસંગો બોલ્યા હોય, કયાંક તો ગાંધીજી વિશે કથીઝ પણ ગોઠવી હોય, બાળકોને વધુ માહિતી એમનાં ટીચર કે માતાપિતાઓ આખી હોય, આ બાધુ કેમ કર્યુ હતું ને બાળમિત્રો ?

આ દિવસે રૂપાયતન પ્રાથમિક શાળામાં હું ગયેલો ૧૫–૨૦ બાળકો (કન્યા–કુમાર) આવેલમાં એમાંથી એક કુમાર તો ગાંધીજી બનીને આવેલ. બધાએ મળી નાટક કરેલું એમાં સ્વચ્છતા, પાણીનો બાળક ન કરવો, ગાંધીજીના ત્રણ વાંદરા જેવા પ્રસંગો ભજવેલા. બાળકોને ખુબ મજા આવી.પહેલો તો બાળકોઓ આખી શાળાની સમુહ સફાઈ કરી શાળાને ચોખ્ખી ચલાક બનાવી દીધી.

પણ રવજીભાઈ કાચાએ ગાંધીજીના ૧૧ મહાવ્રતો ગાઈને સંભળાવ્યા તથા તે વ્રતોની વાત પણ કરી બાળકોએ પણ ગાયું. આ બંને પ્રવૃતિના ફોટા પણ આજે મુકેલા છે. જોઈને તમારો અભિપ્રાય આપશો.

## પંડિત રાજાની વાર્તા

બીજો પંડિત ઊઠયો. હાથ હલાવ્યા, પગ પછાડયા, છાતી કાઢી. પાંચ–પાંચ હાથ લાંબા અક્ષરો ને દસ દસ હાથ લાંબા શબ્દોને ગાઉ ગાઉનાં લાંબાં વાકયો ફિલમ જેમ બોલી ગયો.

પંડિતોને રાજા ધ્યાન દઈને સાંભળતા હતા.

છોકરો કાંઈ પણ સમજયો નહિ, તોય ડોકું ધુણાવતો ગયો ને 'હા, હા'કરતો ગયો.

પછી ત્રીજો, પછી ચોથો ને છેલ્લે નવમો પંડિત બોલ્યો. ગંભીરતાથી બોલ્યો, વિચાર કરતાં કરતાં બોલ્યો, ઊંડે ઊંડેથી બોલ્યો.

છેવટે રાજા પણ બોલ્યો. પંડિતો પણ ન સમજે એવું ! પોતે પણ ન સમજે એવું ! છતાં છટાથી બોલ્યો, રૂઆબથી બોલ્યો, પરસેવો લૂછતો લૂછતો બોલ્યો; વચ્ચે વચ્ચે પાણી પીતો બોલ્યો, લાંબા ૧સ લેતો બોલ્યો, ભરપૂરતાથી બોલ્યો, મોટ ધોધ જેમ બોલ્યો. પંડિતો ઊંઘી ગયા હતા ને છોકરો પણ ઊંઘી જાત, પણ ત્યાં તો રાજા નીચે બેઠો ને ભાષણો પૂરાં થયાં. છોકરો કાંઈ સમજયો નહિ.

છોકરો કહે : 'આપણેય ન સમજયા ને એ પણ હરે નહિ સમજે. ચાલો ઝુકાવીએ. હિંમતે મરદા તો મદદે ખુદા ક તો અરધું રાજપાટ અને કુંવરી મળે છે, ને કાં તો દસમા ભેગ અગિયારમું માથું ચડે છે !

છોકરો કહેઃ 'છટ્ ! માલ વિનાનાં ભાષણો, નાહકની તકલીફ પડી ! બસ, મારા તો ત્રણ જ સવાલ છે : માત્ર ત્રણ જ ટૂંકા ને ટચ. જવાબ આપો, નહિ તો કુંવરી આપો. સાંભળો :

'ડાળં તડંમૂં
ગાયં બરંડં
નાકં કંટં.'

એટલે શું ?

પંડિતો સાંભળીને ચકિત થઈ ગયા ! સડપ થઈ ગયા ! રાજા પણ સ્તબ્ધ થઈ ગયો, વિચાર કરવા લાગ્યો. સૌ સંભારવા લગ્યા પોથીઓ કાઢી, ચશ્માં ચડાવ્યાં ને

'ડાળં તડમું,
ગાયં બરંડં
નાકં કંટં.'

નો અર્થ શોધવા લાગ્યા. ડોકાં ધુણાવ્યાં, મોં બગાડયાં, ચક ચડાવ્યાં, ઊંચાનીચા થયા, જરા ડોક લંબાવી, માથું એમનું લમણે હાથ દીધો, ઘણો વિચાર કર્યો પણ

'ડાળં તડંમું
ગાયં બરંડં
નાકં કંટં.'

નો અર્થ જડે નહિ. દાઢીએ હાથ ઘસ્યા, અંગૂઠો હલાવ્યો, વાંસો ખંજવાળ્યો, ડિલ મરડયું. કાનમાં કલમ ભરાવી, પણ કાંઈ આવડયું નહિ !

ખુદરાજાને પણ આવડયું નહિ. રાજા કહે : ''કાં પંડિતજી ! શો જવાબ છે ?''

પંડિતો મૂંગા રહ્યા.

છોકરાને પૂછયું: ''છોકરા ! કહે જોઈએ. શું છે એના જવાબમાં ?''

છોકરે એક પછી એક ત્રણેના ઉત્તરો આપ્યા. રાજા ખુશ થઈ ગયો. પંડિતો હર્ષ પામ્યા.

રાજાએ છોકરાને કુંવરી પરણાવી, અરધું રાજપાટ આપ્યું ને બડો પંડિત બનાવ્યો. **( અધુરી વાર્તા) મુકવાની બાકી છે.**

### બાલ કથાઓ



**ગિજુભાઈ બધેકા (બાલ સાહિત્યના બ્રહ્મા)**

## કાવ્ય

**રાઠોડ નિરાળી – રૂપાયતન સ્કુલ ધો. ૬/બી**

મારા વ્હાલ વિદ્યાર્થી મીત્રો તથા આદરણીય શ્રી કાચા સરને મારા નમસકાર આજે ગાંધી જયંતિ નિમિતે હું મારા કેટલાક વિચારો તમારી સમક્ષ રજુ કરવા જઈ રહી છું.

મહાત્માં ગાંધીનું પુરૂ નામ મોહનદાસ કરમચંદ્ર ગાંધી હતું. મહાત્મા ગાંધીનાં જન્મ બે ઓકટોબર ૧૮૬૭ માં પોરબંદરમાં થયો હતો. ગાંધીજીના પિતાનું નામ કરમચંદ ગાંધી અને માતાનું નામ પુતળીબાઈ હતું ગાંધીજીના પત્નીનું નામ કસ્તુરબાં હતું. ગાંધીજીએ દક્ષિણ ઓફિકામાં ચાલતા રંગભેદના અન્યાયને દુર કરવા માટે અહિંસક લડત ચલાવી તયાર બાદ ગાંધીજીએ અંગ્રેજો ના શાસનમાંથી ભારતને આઝાદ કરવા આંદોલન શરૂ કર્યુ ગાંધીજીએ બારડોલી સત્યાગ્રહ તથા ભારત છોડો જેવા આંદોલન પણ કર્યા છેલ્લે ભારત ને ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ ના દિવસે આઝાદી મળી, ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ના દિવસે નથુરામ ગોડસ ગાંધીજીને ગોળી મારી હતી. આથી તેમનું અવસાન થયું હતું.

આખો દેશ ગાંધીજીને બાપુ અને રાષ્ટ્રપિતાના નામથી ઓળખીયે છીએ.– **અસ્તુ....**

## મહાત્મા ગાંધી



**દક્ષિતા માંડવિયા – રૂપાયતન સ્કુલ ધો.૪**

મહાત્મા ગાંધીનો જન્મ ૨ ઓકટોબર–૨૮૦૧ના રોજ પોરબંદરમાં થયો હતો. તેમનું પુરૂ નામ મોહનદાસ કરમચંદ્ર ગાંધી તેમની માતાનું નામ પુતળીબાઈ હતું. બાળપણમાં તેમણે હરિરચ નાટક જોયું અને શ્રવણની વાર્તા વાંચી તેની તેમના હૃદય પર ઉડી અસર થઈ તે દિવસથી તેમણે સાચુ બોલવાનાં અને મા.બાપની સેવા કરવાનાં નિર્ધાર કર્યા. ગાંધીજી વકીલાત કરવા માટે દક્ષિણ આફ્રિકા ગયા હતા.

ગાંધીજીએ અમદાવાદમાં પહેલા કોચરબમાં અને પછી સાબરમતી નદીને કિનારે આશ્રમની સ્થાપના કરી. તેમની પ્રાર્થના સભામાં અનેક લોકો આવતા. તેમને વૈયવજન તો તને રે કહીએ એ કવિ નરસિંહ મહેતાનું ભજન અતિ પ્રિય હતું તેમનાં પત્નીનું નામ કસ્તુરવા હતું. તેમણે પણ ગાંધીજીને ઘણો સહકાર આપ્યો હતો.

૩૦ જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ ગાંધીજી દિલ્હીમાં પ્રાર્થના સભામાં જતા હતા. ત્યારે નાથુરામ ગોડસે નામનાં એક યુવાને તેમને ગોળીઓથી વીંધી નાખ્યા. આથી વિક્ષ્વભરમાં લોકોને ભારે આઘાત લાગ્યો. તેમની સમાધી દિલ્હીમાં આવેલ છે. તે રાજયાર તરીકે ઓળખાય છે. ગાંધીજીને રાયદ્રપિતા તરીકે પણ ઓળખાયવામાં આવે છે.

# સાવરકુંડલા ખાતે નવરાત્રિમાં આકર્ષક ફલોટ્સ ઉભા કરાયા



સાવરકુંડલા ખાતે ઝીંઝુડા ગેઈટ ખાતે આવેલ ગોંદરે શ્રી કૃષ્ણ રાસમંડળ દ્વારા ખોડીયારમાની મૂર્તિનું આયોજન. અહીં છેલ્લા ૪૧ વર્ષથી નિયમિત રીતે વિવિધ ફલોટ્સ દ્વારા ભાવિકોને દર્શનનો લ્હાવો પ્રદાન કરવામાં આવે છે. તો દાસારામ યુવક મંડળ દ્વારા આયોજિત હમીરજી ગોહિલનું મહાદેવના ચરણોમાં શીશ સમર્પણ ફલોટ પણ લોકોના આકર્ષણનું કેન્દ્ર બનેલ. આ યુવક મંડળ દ્વારા છેલ્લા ૧૩ વર્ષથી નિયમિત રીતે આયોજન થાય છે. તો પોપટ બોઘાના નાકે શેઠ સગાળશા અને ચેલૈયાના પ્રસંગનો ફલોટ પણ લોકોના આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. અહીં પણ છેલ્લા ૩૮ વર્ષથી નિયમિત રીતે વિવિધ ફલોટ્સનું આયોજન કરવામાં આવે છે. દેવળા ગેઈટ ખાતે આવેલ શ્રી કૃષ્ણ ગૌશાળા આયોજિત નવરાત્રિ મહોત્સવ–૨૦૨૪ અંતર્ગત સમુદ્ર મંથનનો આકર્ષક ફલોટ પણ ભાવિકો માટે આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. અહીં પણ છેલ્લા બાવીશ વર્ષથી વિવિધ ફલોટ્સ દ્વારા અદભુત કાર્યક્રમો યોજાય છે. સાવરકુંડલા ખાતે આવેલ ખોડીયાર બાળ મંડળ આયોજિત મહાકાળી મૂર્તિના દર્શન લેતા ભાવિકો. આ મંડળ પણ છેલ્લા ૨૧ વર્ષથી વિવિધ આકર્ષક ફલોટસ દ્વારા લોકોના આકર્ષણનું કેન્દ્ર બને છે. ભગતસિંહ યુવા ગ્રુપ દ્વારા પંકજ કષ્ટભંજન દેવના આકર્ષક ફલોટ લોકોના આકર્ષણનું કેન્દ્ર બને છે. આ ગ્રુપ દ્વારા છેલ્લા ચાર વર્ષથી વિવિધ આકર્ષક ફલોટ દ્વારા નવરાત્રિ દરમિયાન ભકતોને દર્શનનો લ્હાવો પ્રદાન કરવામાં આવે છે. શિવાજી નગર ચોક ખાતે હર ભોલે મિત્ર મંડળ દ્વારા આયોજિત લક્ષ્મીજીની મૂર્તિના નયનરમ્ય ફલોટની એક ઝલક જોવા માટે લોકો ઉમટી પડયા હતાં. અહીં છેલ્લા ૪૯ વર્ષથી વિવિધ આકર્ષક ફલોટ દ્વારા નવરાત્રિ દરમિયાન ભકતોને દર્શનનો લાભ પ્રદાન કરવામાં આવે છે. આમ નવલાં નવરાત્રિ દરમિયાન સાવરકુંડલા ભકિતના રંગે રંગાઈ જતું જોવા મળે છે.

### સરસ્વતી સન્માન, શૈક્ષણિક પરિસંવાદ અને સમુહ ભોજન

## અમરેલી ખાતે આવતીકાલે રઘુવંશી સમાજનો ત્રિવેણી મહોત્સવ યોજાશે

### લોહાણા વિદ્યાર્થી ભવન દ્વારા સુંદર આયોજન

અમરેલી, તા. ૪

લોહાણા વિદ્યાર્થી ભવન અમરેલી છેલ્લા ૧૨૪ વર્ષથી શૈક્ષણિક અને સામાજીક ક્ષેત્રે જરૂરિયાતમંદ અમરેલી સ્થિત રઘુવંશી પરિવારોના વિકાસ માટે સતત જહેમત ઉઠાવી રહ્યું છે. દર વર્ષે શિષ્યવૃતિ, કિટ વિતરણ તેમજ સરસ્વતિ સન્માન જેવા મહત્વપુર્ણ સેવા કાર્યો કરી રહ્યું છે. લોહાણા વિદ્યાર્થી ભવન અમરેલીના મેને.ટ્રસ્ટી પ્રફુલભાઈ બાટવીયા તથા સમસ્ત ટ્રસ્ટીગણ અને સ્થાનિક વ્યવસ્થાપક સમિતિની સખત જહેમતથી સેવા યજ્ઞો યોજાઈ રહ્યા છે. જે અંતર્ગત આગામી તા. ૬/૧૦/૨૪ને રવિવારે અમરેલીના આંગણે અજમેરા સ્કૂલ ખાતે ''ત્રિવેણી સંગમ મહોત્સવ'' કાર્યક્રમ અંતર્ગત સરસ્વતી સન્માન, શૈક્ષણીક પરિસંવાદ તેમજ જ્ઞાતિ સમુહ ભોજનનું આયોજન થઈ રહ્યું છે. રઘુવંશી પરિવારોના તેજસ્વી તારલાઓની લાગણીને કેન્દ્રમાં રાખીને રઘુવંશી સમાજના કાર્યકરો ખભે ખભા મીલાવીને જહેમત ઉઠાવી રહ્યાંનું મેને. ટ્રસ્ટી પ્રફુલભાઈ બાટવીયાની અખબારી યાદીમાં જણાવાયું છે.

પાના ૧ ઉપરનું ચાલું

### અમરેલીનાં સરંભડા ગામે

સ્થળે જઈ લાશને અત્રેના દવાખાને ખસેડેલહતી.

આ બનાવમાં મળતી વિગત મુજબ અમરેલી તાલુકાના સરંભડા ગામે રહેતો જયસુખભાઈ પાસાભાઈ વાઘેલા નામનો યુવક ગઈકાલે સાંજના ૭ વાગ્યનાં સમયે સરંભડા ગામે તરવડા રોડ ઉપર આવેલ શેત્રુંજી નદી ઉપરના મેડી ડેમમાં માછલી પકડવા જતાં અકસ્માતે તે ડેમમાં પડી જતાં તેમનું પાણીમાં ડૂબી જતાં મોત થયું હતું. ત્યારે આજે સવારે તેમની લાશ ડેમમાંથી મળી આવતા પોલીસ ઘટના સ્થળે જઈ લાશને અત્રેનાં દવાખાને ખેસડેલ હતી.

### પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં બોરાણા ગામે

વર્ષિય યુવક ગત તા. ૨૯ના રોજ આશરે આઠેક વાગ્યે પોતાના હવાલા વાળુ મોટર સાયકલ નં. જીજે–૫ ઈએ–૨૯૬૨ લઈ અમરેલી રીપેર કરવા આપેલ મોબાઈલ લેવા આવતા હોય. ત્યારે અમરેલી–સાવરકુંડલા રોડ ઉપર આવેલ લાપાળીયા ગામ પાસે પહોંચતા પોતાના મોટર સાયકલ પરનો કાબુ ગુમાવતા મોટર સાયકલ સ્લીપ થઈ જતા પોતે રોડ ઉપર પડી જતાં જમણા પડખે કમરના ભાગે જમણા હાથની કોણી ઉપર તથા માથામાં જમણી બાજુ કાન પાસે ગંભીર ઈજાઓ થતા રેમતભાઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### પાના ૮ ઉપરનું ચાલું બગસરાનાં લુંઘીયા ગામે

કટારા ખેતમજૂર પર રાત્રીના હુમલો કરેલ હતો. જયારે આ ખેત મજૂર કમલેશભાઈને માથાના ભાગે ભયંકર ઈજા પહોંચાડી હતી અને પ્રથમ બગસરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને વધુ પડતું વગેલ હોવાથી પ્રાથમિક સારવાર લીધા બાદ વધુ સારવાર અર્થે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખાતે દાખલ કરવામાં આવેલ હતા. જયારે મુંજીયાસર બાદ ફરી દીપડાનો હુમલો લોકો ઉપર થતાં લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો જેને પગલે વનવિભાગે દીપડાને પકડવા બે પાંજરાઓ મૂકૂયા હતા અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### પાના ૧ ઉપરનું ચાલું લીલીયાનાં પીપળવા માર્ગ ઉપર

લીલીયાથી પીપળવા રોડ પર આવેલ પેટ્રોલ પંપ ખાતે મોટર સાયકલમાં પેટ્રોલ પુરાવવા જતા હોય. તે વખતે લીલીયા રેલ્વે ફાટક નજીક એસ.ટી. પીકઅપ બસ સ્ટેન્ડ નજીક રોડ ઉપર પીપળવા ગામ તરફથી એક બ્લયુ કલરની ખાનગી ટ્રાવેલ્સની લકઝરી બસ નં. જી.જે.–૧૪ એકસ–૫૪૪૪ના ચાલકે લકઝરી બસ પુરઝડપે અને બેફીકરાઈ રીતે ચલાવી રાકેશભાઈના મોટર સાયકલને હડફેટે લેતા તેમનાના શરીર ઉપર બસના ડાબી બાજુનો પાછળના ટાયરનો જોટો ફરી વળતા શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી રાકેશભાઈનું મોત નિપજાવ્યાની ફરિયાદ પરેશભાઈ વિનુભાઈ આસોદરાએ પોલીસમાં નોંધાવી છે.

## લીલીયામોટા : અમૃતબા હાઈસ્કુલમાં કારકીર્દિ માર્ગદર્શન સેમિનાર યોજાયો



લીલીયા મોટા, તા. ૪

લીલીયા અમૃતબા વિદ્યાલય ખાતે ધો. ૧૨માં અભ્યાસ કરતા ભાઈ બહેનોનો કારકિર્દી માર્ગદર્શન સેમીનાર યોજાય ગયો હતો. જેમાં તજરી યુવરાજભાઈ પરમાર અને બાંભણીયા ભાઈ અને શૈક્ષણિક માર્ગદર્શન પુરૂ પાડેલ આ તકે શાળાના આચાર્ય હસમુખભાઈ કરડ સહિત સ્ટાફ કર્મચારીઓ ઉપસ્થિત રહેલ.

### પાના ૮ ઉપરનું ચાલું ધારીમાં પેટ્રોલ પંપ નજીક આવેલ

ભાગે અજીતે છરી મારી ઈજા કરી તથા જગદિશભાઈ રમેશભાઈ ભેસાણીયાને જમણા હાથના ખંભાના ભાગે અજીતે છરી મારી ઈજા કરી હતી. તથા દયાબેન ભાવેશભાઈ ભેસાણીયાને પણ અજીતે છરી વડે જાનથી મારી નાખવાના ઈરાદે તેના છાતીના જમણી બાજુ છરી મારી ગંભીર ઈજા કરેલ હતી. તથા મનુભાઈએ લોખંડના પાઈપ વડે રામભાઈ ભેસાણીયાને માર મારી ઈજા કરેલ હોવાની ત્રણેય વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે.

## અવસાન નોંધ

**અમરેલી :** હેમલતાબેનના પતિ અને રાકેશભાઈના ભાઈ તે મહેશભાઈ ભોગીલાલ દેસાઈ (ઉ.વ. ૭૫) તા. ૪/૧૦/૨૪નાં રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થના સભા તા. ૫/૧૦/૨૪ને શનિવારનાં સાંજના ૪ થી ૬ કલાકે મોઢ મહાજન વાડી, અમરેલી ખાતે રાખેલ છે.

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૨૩૧ | ૧૫૦૦ |
| ૨ | મગફળી નવી | ૯૬૦ | ૯૬૦ |
| ૩ | જુવાર સફેદ | ૭૦૩ | ૭૦૩ |
| ૪ | અડદ | ૧૪૦૦ | ૧૪૦૦ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૮૦ | ૧૦૦૬ |
| ૨ | શિંગ મોટી | ૭૮૦ | ૧૧૦૦ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૯૦ | ૧૩૫૧ |
| ૪ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૫૭૩ |
| ૫ | તલ કાળા | ૨૮૦૦ | ૩૮૩૫ |
| ૬ | બાજરો | ૩૫૦ | ૪૬૮ |
| ૭ | જુવાર | ૪૨૧ | ૮૬૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૭૯ | ૬૧૬ |
| ૯ | ઘઉં લોકવન | ૫૨૯ | ૬૧૦ |
| ૧૦ | મકાઈ | ૪૫૫ | ૬૨૦ |
| ૧૧ | મગ | ૯૨૦ | ૧૫૬૦ |
| ૧૨ | અડદ | ૭૬૦ | ૧૭૦૨ |
| ૧૩ | ચણા | ૮૦૦ | ૧૫૦૪ |
| ૧૪ | કપાસ | ૮૦૦ | ૧૬૨૨ |
| ૧૫ | એરંડા | ૧૦૮૦ | ૧૨૮૨ |
| ૧૬ | જીરૂ | ૪૬૨૫ | ૪૭૦૦ |
| ૧૭ | રાયડો | ૧૦૬૫ | ૧૦૬૫ |
| ૧૮ | ધાણા | ૧૦૦૦ | ૧૩૪૦ |
| ૧૯ | અજમા | ૧૫૦૦ | ૨૭૨૦ |
| ૨૦ | સોયાબીન | ૭૭૦ | ૯૦૪ |
| ૨૧ | સુવાદાણા | ૧૩૫૦ | ૧૪૫૦ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૬ | ૧૫૦૦ |
| ૨ | મગફળી | ૮૫૨ | ૧૦૫૯ |
| ૩ | ઘઉં | ૪૩૦ | ૫૬૧ |
| ૪ | ચણા | ૧૨૯૦ | ૧૩૯૯ |
| ૫ | તુવેર | ૧૭૫૦ | ૧૭૫૦ |
| ૬ | અડદ | ૧૦૨૫ | ૧૧૨૫ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૫૫ | ૧૨૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૭૦ |
| ૩ | તલ સફેદ | ૨૦૫૦ | ૨૫૦૦ |
| ૪ | જીરૂ | ૪૦૫૦ | ૪૫૯૯ |
| ૫ | કપાસ | ૧૩૦૦ | ૧૬૩૬ |
| ૬ | ઘઉં લોકવન | ૪૬૩ | ૬૩૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૫ | ૬૨૫ |
| ૮ | બાજરો | ૪૨૦ | ૪૯૨ |
| ૯ | જુવાર | ૪૫૦ | ૮૦૯ |
| ૧૦ | મગ | ૧૩૬૦ | – |
| ૧૧ | અડદ | ૧૧૬૦ | ૧૬૦૦ |
| ૧૨ | ચણા | ૧૨૫૦ | ૧૫૨૦ |
| ૧૩ | ધાણા | ૧૦૨૦ | ૧૨૨૫ |
| ૧૪ | સોયાબીન | ૮૪૮ | – |

### લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૮૫ |
| ૨ | સોયાબીન | ૮૫૬ | ૮૫૬ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૫૨ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૫ | ૫૩૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૭ | ૫૬૪ |
| ૪ | સોયાબીન | ૮૦૦ | ૮૫૦ |
| ૫ | ચણા સફેદ | ૧૩૬૦ | ૧૩૬૦ |
| ૬ | ચણા | ૧૧૦૦ | ૧૪૧૦ |
| ૭ | ધાણા | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ૮ | તલ સફેદ | ૨૨૭૫ | ૨૨૭૫ |
| ૯ | જીરૂ | ૪૩૦૦ | ૪૩૦૦ |
| ૧૦ | મગફળી | ૬૫૦ | ૭૯૫ |
| ૧૧ | અડદ | ૧૩૪૧ | ૧૫૨૪ |
| ૧૨ | મગ | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૧૩ | શીંગદાણા | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ૧૪ | ડુંગળી | ૪૫૫ | ૪૫૫ |
| ૧૫ | બાજરો | ૩૦૧ | ૪૦૦ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૧૦ | ૧૬૩૫ |
| ૨ | જીરૂ | ૪૦૬૦ | ૪૭૪૦ |
| ૩ | તલ | ૨૨૮૦ | ૨૪૦૦ |
| ૪ | અડદ | ૧૨૪૦ | ૧૫૦૦ |
| ૫ | ઘઉં | ૪૮૯ | ૫૪૧ |
| ૬ | મગ | ૧૩૬૦ | ૧૭૪૦ |
| ૭ | મગફળી નવી | ૯૨૨ | ૯૫૮ |
| ૮ | બાજરો | ૩૯૦ | ૪૦૦ |
| ૯ | ચણા | ૧૨૩૮ | ૧૪૫૨ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૧૫૦ | ૨૫૫૩ |
| ૨ | કપાસ | ૧૨૦૧ | ૧૫૬૬ |
| ૩ | બાજરો | ૪૯૨ | ૫૬૧ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૧૨ |
| ૫ | જુવાર | ૬૦૦ | ૮૧૨ |
| ૬ | મગ | ૧૫૦૭ | ૧૫૮૧ |
| ૭ | અડદ | ૧૩૫૦ | ૧૫૦૦ |
| ૮ | તુવેર | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૯ | ચણા | ૧૫૪૦ | ૧૫૪૦ |
| ૧૦ | જીરૂ | ૩૮૦૦ | ૩૮૦૦ |
| ૧૧ | સોયાબીન | ૮૬૬ | ૮૭૭ |
| ૧૨ | કાંગ | ૧૦૫૨ | ૧૦૫૨ |

# તુલસીશ્યામ રેન્જ દ્વારા વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી






તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ધારી ગીર પૂર્વના ડી.સી.એફ. રાજદીપસિંહ ઝાલા અને એ.સી.એફ. મનીષ ઓડદરા તેમજ ખાંભા તુલસીશ્યામ રેન્જના આરએફઓ રાજલ પાઠકના માર્ગદર્શન હેઠળ ખાંભા–તુલસીશ્યામ રેન્જ વનવિભાગ દ્વારા રબારીકા રાઉન્ડના રાયડી પાર્ટીમાં આવેલ રાયડી પ્રાથમિક શાળામાં વન્ય પ્રાણીઓ વિશે માહિતી આપી નિબંધ પ્રજાનું આયોજન કર્યુ હતું. જેમાં એકથી ત્રણ નંબર આવેલા બાળકોને ઈનામ વિતરણ કર્યા હતા અને સાળવા ગામની પ્રાથમિક શાળામાં બાળકોને વન્યપ્રાણીઓ વિશે સમજૂતી આપી નિબંધ પ્રજાનું આયોજન કર્યુ હતું અને દીપડા વિશે ફિલ્મ બતાવી હતી, સમજુતી આપી હતી તેમજ ભાણીયા ગામે પ્રાથમિક શાળામાં વન્ય જીવ પ્રાણી ફિલ્મ બતાવી વન્ય પ્રાણીઓ બાબતે સમજૂતી આપી હતી. તેમજ બોરાળા પ્રાથમિક શાળાનાં બાળકોને ઝેરી સાપ અને બિન વિશે માહિતી આપવામાં આવી હતી તેમજ કોઠારીયા રાઉન્ડના ધુંધવાણા બીટના પચપચિયા પ્રાથમિક શાળામાં બાળકોને વન્યપ્રાણી વિશે સમજ આપી તેમજ અન્ય પ્રાણીઓ દ્વારા માનવ ઘર્ષણ વિશે સમજૂતી આપવામાં આવી હતી. ધુંધવાણા ગામે તેમજ પ્રાથમિક શાળા ખાતે સિંહના ફિલ્મ વિડીયો બતાવી સિંહ વિશે ની સમજૂતી આપવામાં આવી હતી. ખાંભા–તુલસીશ્યામ રેન્જમાં અલગ અલગ રાઉન્ડ અને શાળામાં વિદ્યાર્થીઓ અને બાળકોનું વન્યપ્રાણીઓ વિશે સમજૂતી અને માહિતગાર કરવામાં આવ્યા હતા.

### રોકાણકારોના ૧૭,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ રૂપિયા ડૂબ્યા!

# સેન્સેક્સ-નિફ્ટી સતત પાંચમા દિવસે ભારે કડાકા સાથે બંધ

## સેન્સેક્સ ૮૦૮ અંકના ઘટાડા સાથે ૮૧,૬૮૮ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૦૦ અંકના ઘટાડા સાથે ૨૫૦૪૯ અંક પર બંધ

મુંબઈ, તા.૪

અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ સેશન અને સતત પાંચમા દિવસે ભારતીય શેર બજાર ભારે ઘટાડા સાથે બંધ થયું છે. આખો દિવસ બજારમાં ભારે ઉથલપાથલ જોવા મળી છે. સવારે બજાર ઘટાડા સાથે ખુલ્યું હતું પરંતુ દિવસ દરમિયાન સેન્સેક્સમાં ૮૭૦ અને નિફ્ટીમાં ૨૩૫ અંકનો વધારો આવ્યો હતો. પરંતુ વેપાર પૂરો થવાના થોડા સમય પહેલા બજારમાં ફરી તીવ્ર નફાખોરી શરૂ થઈ અને સેન્સેક્સ દિવસના ઉચ્ચ સ્તરથી ૧૮૩૫ અને નિફ્ટી ૫૨૦ અંક સુધી નીચે ગબડ્યો. એફએમસીજી, બેન્કિંગ અને એનર્જી સ્ટોક્સમાં વેચવાલીને કારણે બજારમાં આ ઘટાડો આવ્યો છે. વેપાર પૂરો થતાં સેન્સેક્સ ૮૦૮ અંકના ઘટાડા સાથે ૮૧,૬૮૮ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૦૦ અંકના ઘટાડા સાથે ૨૫૦૪૯ અંક પર બંધ થયો છે.

બજારમાં વેચવાલીને કારણે આજે પણ રોકાણકારોને ભારે નુકસાન વેઠવું પડ્યું છે. બીએસઈ પર લિસ્ટેડ સ્ટોક્સનું માર્કેટ કેપ ૪૬૧.૦૫ લાખ કરોડ રૂપિયા પર ગિરીને બંધ થયું છે જે અગાઉના સત્રમાં ૪૬૫.૦૫ લાખ કરોડ રૂપિયા પર બંધ થયું હતું. એટલે કે આજના સત્રમાં રોકાણકારોને ૩.૭૦ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. આ અઠવાડિયે ભારતીય શેર બજારના માર્કેટ કેપમાં ૧૭ લાખ કરોડ રૂપિયાનો ઘટાડો આવ્યો છે.

બીએસઈ પર કુલ ટ્રેડ થયેલા ૪૦૫૪ શેરમાંથી ૧૫૩૨ શેર તેજી સાથે અને ૨૩૮૬ શેર ઘટાડા સાથે બંધ થયા. સેન્સેક્સના ૩૦ શેરમાંથી ૮ તેજી સાથે જ્યારે ૨૨ ઘટાડા સાથે બંધ થયા. નિફ્ટીના ૫૦ શેરમાંથી ૧૩ તેજી સાથે અને ૩૭ ઘટાડા સાથે બંધ થયા. તેજી વાળા શેરમાં ઈન્ફોસિસ ૧.૩૩ ટકા, ટેક મહિન્દ્રા ૦.૮૩ ટકા, ટાટા મોટર્સ ૦.૫૧ ટકા, એક્સિસ બેંક ૦.૫૦ ટકા, ટીસીએસ ૦.૪૨ ટકા, એસબીઆઈ ૦.૨૮ ટકા, એચસીએલ ટેક ૦.૨૭ ટકાની તેજી સાથે બંધ થયા છે. ઘટાડા વાળા શેરમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૩.૫૮ ટકા, બજાજ ફાઈનાન્સ ૩.૦૧ ટકા, નેસ્લે ૨.૮૫ ટકા, એશિયન પેઈન્ટ્સ ૨.૪૯ ટકાના ઘટાડા સાથે બંધ થયા છે.

આજના કારોબારમાં આઈટી સ્ટોક્સને બાદ કરતાં બાકીના તમામ સેક્ટરના શેરમાં ઘટાડો જોવા મળ્યો છે. બેંકિંગ, ઓટો, એફએમસીજી, ફાર્મા, મેટલ્સ, એનર્જી, હેલ્થકેર, મીડિયા, રિયલ એસ્ટેટ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરના શેર ઘટાડા સાથે બંધ થયા. મિડકેપ અને સ્મોલકેપ શેરમાં આજે પણ ઘટાડો જોવા મળ્યો છે. સેક્ટોરલ ઈન્ડેક્સમાં સાર્વત્રિક વેચવાલીના પગલે એનર્જી ઈન્ડેક્સ ૧ ટકા, એફએમસીજી ૧.૬૭ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસિઝ ૧.૦૫ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૧.૨૫ ટકા, ઓટો ૧.૫૦ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૩૫ ટકા, પાવર ૧.૧૨ ટકા, રિયાલ્ટી ૧.૬૦ ટકા તૂટ્યો હતો. મધ્ય-પૂર્વમાં વધતા જતાં સંઘર્ષ અંગેની ચિંતાના કારણે ટોચના ક્રૂડ ઉત્પાદક પ્રદેશમાંથી ક્રૂડના પુરવઠામાં સંભવિત વિક્ષેપની આશંકા ઊભી થઈ છે, જેના કારણે કિંમતો વધી છે. આ પરિસ્થિતિમાં ભારત જેવા ચોખ્ખા આયાતકારોને માઠી અસર થઈ શકે છે. ઓક્ટોબરમાં બ્રેન્ટ ક્રૂડ વાયદો ૯ ટકા વધી ૭૮ ડોલર પ્રતિ બેરલ થયો હતો.

### બોમ્બના કારણે તેમને નાની-મોટી ઈજાઓ થઈ

# ભાજપ નેતાના ઘર ઉપર બોંબમારો અને ગોળીબાર

## પશ્ચિમ બંગાળના બીજેપી નેતા અર્જુન સિંહના ઘર પર બોમ્બ ફેંકવામાં આવ્યા અને ગોળીઓ ચલાવવામાં આવી

કોલકાતા, તા.૪

પશ્ચિમ બંગાળના બીજેપી નેતા અર્જુન સિંહના ઘર પર બોમ્બ ફેંકવામાં આવ્યા છે અને ગોળીઓ ચલાવવામાં આવી છે. બીજેપી નેતાએ ટ્વીટ કરીને આ જાણકારી આપી છે. તેમણે કહ્યું કે હુમલો સવારે સાડા આઠ વાગ્યે થયો હતો. અર્જુન સિંહ ઉત્તર ૨૪ પરગણાના રહેવાસી છે અને ત્યાં તેમની હોમ ઓફિસ પર હુમલો કરવામાં આવ્યો હતો. અર્જુન સિંહે દાવો કર્યો હતો કે બોમ્બના કારણે તેમને પણ નાની-મોટી ઈજાઓ થઈ હતી.

અર્જુન સિંહે ઠ પર આ સંદર્ભમાં એક વીડિયો પણ પોસ્ટ કર્યો છે. તેણે આ વીડિયોની સાથે કેપ્શનમાં લખ્યું, 'આજે સવારે જ્યારે બધા દુર્ગા પૂજામાં વ્યસ્ત હતા, ત્યારે ઘણા જેહાદીઓ અને ગુંડાઓએ મારા ઘર પર હુમલો કર્યો હતો. આ હુમલો NIA કેસના આરોપી નમિત સિંહના નેતૃત્વમાં કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે આ હુમલામાં સ્થાનિક ટીએમસી કાઉન્સિલરનો પુત્ર પણ સામેલ છે. મારા ઘર અને ઓફિસ પર તેમના દ્વારા હુમલો કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, તેણે હુમલા દરમિયાન પોલીસ પર કોઈ કાર્યવાહી ન કરવાનો અને મૂક પ્રેક્ષક બની રહેવાનો આરોપ પણ લગાવ્યો હતો. તેણે કહ્યું કે આ લોકોએ મારા ઘર પર ૧૫ બોમ્બ ફેંક્યા અને લગભગ એક ડઝન વખત ફાયરિંગ કર્યું હતું. અર્જુન સિંહ દ્વારા શેર કરવામાં આવેલો વીડિયો વાયરલ થઈ રહ્યો છે, પરંતુ સ્વતંત્ર રીતે તેની પુષ્ટિ થઈ નથી. ઘણા પ્રત્યક્ષદર્શીઓએ એમ પણ કહ્યું હતું કે આટલી મોટી સંખ્યામાં બોમ્બ ફેંકવામાં આવ્યા હતા કે સ્થળ પર સંપૂર્ણ અંધકાર છવાઈ ગયો હતો. અર્જુન સિંહનું ઘર ઉત્તર ૨૪ પરગણાના જગતદલ પોલીસ સ્ટેશન હેઠળ આવે છે. આ ઘટના અંગે પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું કે હજુ સુધી કોઈના ઘાયલ થયા હોવાની માહિતી નથી. પોલીસ ફોર્સને ઘટનાસ્થળે તપાસ માટે મોકલવામાં આવી છે. આ ઉપરાંત વ્યવસ્થા સંભાળવા માટે વધારાના દળો પણ તૈનાત કરવામાં આવ્યા છે. અર્જુન સિંહ અગાઉ પણ ટીએમસીમાં હતા. તેઓ ટીએમસીના પાર્થ ભૌમિક સામે લોકસભા ચૂંટણી હારી ગયા હતા. આ દરમિયાન સ્થાનિક ટીએમસી ધારાસભ્ય સોમનાથ શ્યામએ અર્જુન સિંહના આરોપોને ખોટા ગણાવ્યા છે. તેણે કહ્યું કે સિંહે પોતે ૪ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

### ટોયલેટ સીટ ઉપર ટેક્સ અંગે વિવાદ!

# વર્તમાન સરકાર દ્વારા આવી કોઈ સૂચના જારી કરવામાં આવી નથી

## જલ શક્તિ વિભાગે તેના નિવેદનમાં કહ્યું છે કે, અમારો ઉદ્દેશ ૧૦૦ ટકા કનેક્ટિવિટી હાંસલ કરવાનો છે

શિમલા,તા.૪

હિમાચલ પ્રદેશમાં ટોયલેટ સીટોની સંખ્યાના આધારે સીવરેજ ટેક્સ લાદવા અંગે મીડિયામાં ચાલી રહેલા સમાચારો અંગે રાજ્ય સરકારે સ્પષ્ટતા કરી છે. હિમાચલ પ્રદેશના જલ શક્તિ વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં એવા અહેવાલોને રદિયો આપવામાં આવ્યો છે કે ઘરોમાં સ્થાપિત શૌચાલય બેઠકોની સંખ્યાના આધારે ગટર જોડાણો આપવામાં આવશે.વિભાગ સ્પષ્ટતા કરે છે કે વર્તમાન સરકાર દ્વારા આવી કોઈ સૂચના જારી કરવામાં આવી નથી. પહેલાની જેમ ગટર જોડાણો આપવાનું ચાલુ રહેશે. જલ શક્તિ વિભાગે તેના નિવેદનમાં કહ્યું છે કે, 'અમારો ઉદ્દેશ ૧૦૦ ટકા કનેક્ટિવિટી હાંસલ કરવાનો છે, જેથી પ્રદૂષણ ઘટાડી શકાય અને ગટર વ્યવસ્થા સુનિશ્ચિત કરી શકાય. તાજેતરમાં, માત્ર પાણીના શુલ્કને લઈને નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે, જ્યારે અન્ય તમામ બાબતો યથાવત રહેશે.ઉલ્લેખનીય છે કે, ઘણા મીડિયા આઉટલેટ્સે અહેવાલો પ્રકાશિત કર્યા હતા કે સુખવિંદર સિંહ સુખુના નેતૃત્વવાળી હિમાચલ પ્રદેશ સરકારે પર્વતીય રાજ્યમાં ટોઈલેટ સીટ ટેક્સ લાદવાનો નિર્ણય કર્યો છે. આ નવી નીતિ હેઠળ હિમાચલ પ્રદેશના લોકો પાસેથી તેમના ઘરોમાં ટોયલેટ સીટની સંખ્યાના આધારે દર મહિને ૨૫ રૂપિયાનો સીવરેજ ટેક્સ લેવામાં આવશે. જોકે, સુખવિંદર સિંહ સુખુના નેતૃત્વવાળી કોંગ્રેસ સરકારે આ અહેવાલોને નકારી કાઢ્યા છે.

મહત્વપૂર્ણ છે કે હિમાચલ પ્રદેશ હાલમાં આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. ગત મહિને રાજ્યના કર્મચારીઓના પગાર અને પેન્શનરોનું પેન્શન સમયસર રિલીઝ થઈ શક્યું ન હતું અને તેમાં ૫ દિવસનો વિલંબ થયો હતો. ઓગસ્ટમાં, સીએમ સુખુએ જાહેરાત કરી હતી કે તેઓ અને રાજ્યના મુખ્ય સંસદીય સચિવ આગામી બે મહિના માટે તેમના પગાર અને ભથ્થાં નહીં લે. તેમણે વિધાનસભાના અન્ય સભ્યોને પણ સ્વેચ્છાએ તેમના પગાર અને ભથ્થાં છોડી દેવા અને રાજ્યને આ આર્થિક સંકટનો સામનો કરવામાં મદદ કરવા અપીલ કરી હતી.

### રાજ્યભરમાં ૭૩૭ She Team તૈનાત

# નવરાત્રીમાં નાગરીકોની સુરક્ષા અને સલામતી માટે ગુજરાત પોલીસ સજ્જ

## નવરાત્રી દરમિયાન તમામ શહેર-જિલ્લામાં ૨૦૯ જેટલા કંટ્રોલરૂમમાં ૫,૧૫૨ CCTV દ્વારા રખાશે ચાંપતી નજર

ગાંધીનગર,તા.૪

ગુજરાતમાં નવરાત્રી ખુબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. નવરાત્રીના ૯ દિવસ અબાલ વૃદ્ધ સૌ કોઈ મન મુકીને ગરબા રમી માં અંબાની આરાધના કરે છે. નવરાત્રીના આ તહેવારોમાં નાગરીકોની ખાસ કરીને મહિલાઓની સુરક્ષા અને સલામતી માટે ગુજરાત પોલીસ ખડે પગે તૈનાત છે. ભયમુક્ત વાતાવરણમાં બહેન દીકરીઓ ગરબા ઘૂમી શકે તે માટે રાજ્યભરમાં ૭૩૭ She Team તૈનાત કરવામાં આવી છે. તમામ શહેર-જિલ્લામાં ૨૦૯ જેટલા કંટ્રોલરૂમમાં ૫,૧૫૨ CCTV દ્વારા ચાંપતી નજર રાખવામાં આવશે. મોડી રાત્રે વાહન ન મળે તો ૧૦૦ નંબર અથવા ૧૮૧ નંબર પર ફોન કરવાથી પોલીસની મદદ મળશે.નવરાત્રી દરમ્યાન દરેક મહિલાઓ અને દીકરીઓ સુરક્ષિત રીતે ભયમુક્ત વાતાવરણમાં ગરબા રમીને ઘરે પરત જઈ શકે તે માટે તમામ શહેર-જિલ્લાઓમાં મળીને કુલ ૭૩૭ શી ટીમ તૈનાત કરવામાં આવી છે. આ She Team પરંપરાગત પહેરવેશમાં ફરજ બજાવશે. કોઈપણ સ્થળે છેડતીના બનાવો ના બને અને દીકરીઓ સુરક્ષિત રીતે ગરબા રમી શકે તે માટે આ ટીમો સતત ચાંપતી નજર રાખશે. આ ઉપરાંત અવાવરું જગ્યાએ સતત પેટ્રોલિંગ પણ કરશે અને ઘરે જવા માટે કોઈ બહેન દીકરીઓને રાત્રે વાહન ન મળે તો ૧૦૦ નંબર અથવા ૧૮૧ નંબર પર ફોન કરવાથી તેઓને મદદ પણ કરવામાં આવશે.નવરાત્રી પર્વ દરમ્યાન તમામ શહેર-જિલ્લામાં ૨૦૯ જેટલા કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવ્યા છે. કંટ્રોલરૂમમાંથી બારીકાઈથી ઝઝ્રફ કેમેરા દ્વારા મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. જેનું ઉચ્ચ પોલીસ અધિકારી કક્ષાએ સતત સુપરવિઝન કરવામાં આવી રહ્યું છે. ગરબા રમવા અને જોવા માટે મોટી સંખ્યામાં લોકો આવતા હોય છે જેના કારણે એક જગ્યાએથી બીજી જગ્યાએ સતત અવરજવર રહેતી હોય છે. જેને ધ્યાને લઈ આવા વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે અને ક્યાંય ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તેનું પણ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. શહેર વિસ્તારની સાથે સાથે ગામડાઓમાં યોજાતા ગરબા દરમિયાન વિશેષ તકેદારી રાખવા માટે જીઆરડી જવાનોને પણ તૈનાત કરાયા છે જેથી અંતરિયાળ વિસ્તારોમાં પણ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહેશે.

### મામલામાં ૧૬ ઓક્ટોબરે સુનાવણી

# સોમનાથ ડિમોલેશન કેસમાં યથાવત્ સ્થિતિ જાળવી રાખવાની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

## સીનિયર એડવોકેટ સંજય હેગડેએ કહ્યું કે,આ મુદ્દો ૧૩૦૯થી ચાલ્યો આવ્યો છે, જે અહીંના માળખાઓ સબંધિત છે

નવી દિલ્હી, તા.૪

સુપ્રીમ કોર્ટે ગુજરાતના સોમનાથ ડિમોલેશન કેસમાં યથાવત્ સ્થિતિ જાળવી રાખવાની અરજીને ફગાવી દીધી છે. ૨૮ સપ્ટેમ્બરે ગીર સોમનાથમાં મુસ્લિમ ધાર્મિક અને રહેણાંક સ્થળોને ગેરકાયદે તોડવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. આ કેસના સુનાવણી ૧૬ ઑક્ટોબરે હાથ ધરવામાં આવશે.

જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ કેવી વિશ્વનાથનની પીઠે પ્રભાસ પાટણના પટણી સમુદાયનું પ્રતિનિધિત્વ કરતાં ટ્રસ્ટ સમસ્ત પટણી મુસ્લિમ જમાત દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી હતી. સીનિયર એડવોકેટ સંજય હેગડેએ કહ્યું કે,આ મુદ્દો ૧૩૦૯થી ચાલ્યો આવ્યો છે, જે અહીંના માળખાઓ સબંધિત છે. હેગડેએ જણાવ્યું, પક્ષો દ્વારા આપવામાં આવેલી નોટિસમાં ક્યાંય પણ તોડફોડનો ઉલ્લેખ નહોતો, અધિકારીઓની કાર્યવાહી સુપ્રીમ કોર્ટે ૧૭ ઓક્ટોબરે આપેલા આદેશની વિરુદ્ધ છે. જેમાં નિર્દેશ આપવામાં આવ્યો છે કે અદાલતની પૂર્વ અનુમતિ વગર ડિમોલેશન ન થવું જોઈએ. સીનિયર એડવોકેટે કહ્યું, ૫૭ એકર વિસ્તારમાં પથરાયેલી આશરે ૫ દરગાહ, ૧૦ મસ્જિદો અને ૪૫ મકાન ખતરાનો સામનો કરી રહ્યા છે. તેમણે આસામના સોનપુરમાં દબાણ હટાવવાના અભિયાન પર સુપ્રીમ કોર્ટ દ્વારા તાજેતરમાં આવેલા આદેશનો પણ ઉલ્લેખ કર્યો.ગુજરાત સરકાર તરફથી સૉલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું, દબાણ હટાવ અભિયાન ૧૭ સપ્ટેમ્બરે આપવામાં આદેશ અંતર્ગત અપવાદમાં આવે છે. કોર્ટ દ્વારા જાહેર સ્થળો અને જળાશયો નજીકની જમીન પર કરવામાં આવેલા દબાણનો ઉલ્લેખ છે. સૉલિસિટર જનરલે કહ્યું કે, મામલાનો વિષય સરકારી જમીન છે. આ અંગેની કાર્યવાહી ૨૦૨૩માં શરૂ કરવામાં આવી હતી. નોટિસ આપવામાં આવી હતી અને પક્ષકારને વ્યક્તિગત સુનાવણીનો મોકો પણ આપવામાં આવ્યો હતો. જ્યારે પક્ષકારોએ વકફ ટ્રિબ્યૂનલ સહિત અનેક અધિકારીઓનો સંપર્ક કર્યો, પરંકતુ તેને કોઈ રાહત મળી નહોતી.

### ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં હજારો લોકોના મોત

# પશ્ચિમ એશિયામાં વધતા જતા તણાવને લઈ મોદીએ કેબિનેટ સમિતિની બેઠક યોજી

## પશ્ચિમાં એશિયામાં હાલમાં વધી રહેલા તણાવ અને ભારત પર તેની સંભવિત અસર અંગે ચર્ચા કરવામાં આવી

નવી દિલ્હી, તા.૪

ઈરાને ઈઝરાયેલ પર હુમલો કર્યા બાદથી પશ્ચિમ એશિયામાં સતત તણાવ વધી રહ્યો છે. મધ્ય-પૂર્વ ક્ષેત્રમાં નવા તણાવ વચ્ચે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિની બેઠક યોજી હતી. સૂત્રોએ જણાવ્યું કે, ત્યાં વધી રહેલા તણાવ અને ભારત પર તેની સંભવિત અસર અંગે ચર્ચા કરવામાં આવી હતી.કેબિનેટની બેઠક પહેલા કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી (CCS)ની બેઠક યોજાઈ હતી. સૂત્રોએ જણાવ્યું કે પીએમ મોદીની આગેવાની હેઠળની બેઠકમાં પશ્ચિમ એશિયામાં વધી રહેલા સંકટ અને ભારત પર તેની સંભવિત અસર અંગે ચર્ચા કરવામાં આવી હતી. ગલ્ફ રિજનમાં વધી રહેલા સંકટને કારણે ભારતમાં ક્રૂડ ઓઈલના પુરવઠાને અસર થવાની અને આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમતો વધવાની શક્યતા છે. તેનાથી ભારત સાથેના વેપાર પર પણ અસર પડી શકે છે.ભારતે મધ્ય પૂર્વ ક્ષેત્રમાં વધી રહેલા સંઘર્ષ અને વધતા યુદ્ધ અંગે ચિંતા વ્યક્ત કરી છે અને સંબંધિત પક્ષોને સંયમ રાખવાનો અનુરોધ પણ કર્યો છે. ભારતે પોતાના નિવેદનમાં કહ્યું છે કે, આ સંઘર્ષ વ્યાપક સ્વરૂપ લેવો જોઈએ નહીં. તેમણે તમામ મુદ્દાઓને વાતચીત અને કૂટનીતિ દ્વારા ઉકેલવા માટે પણ આહ્વાન કર્યું છે.બીજી તરફ પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવને જોતા સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) એ બુધવારે ઈમરજન્સી બેઠક બોલાવી હતી. સંયુક્ત રાષ્ટ્રમાં ઈરાનના રાજદૂતે કહ્યું કે, તેમના દેશે ઈઝરાયલ પર લગભગ ૨૦૦ મિસાઈલો છોડી, જેથી ઈઝરાયેલની હિંસા રોકી શકાય. આ સિવાય ઈઝરાયલના રાજદૂતે આ હુમલાને અભૂતપૂર્વ આક્રમકતા ગણાવી હતી.ઈરાનના હુમલા બાદ ઈઝરાયલે પણ બદલો લેવાની વાત કરી છે. ઈઝરાયલના પીએમ બેન્જામિન નેતન્યાહુએ પણ જવાબી કાર્યવાહી કરવા ધમકી ઉચ્ચારી હતી. હાલમાં ઈઝરાયેલ આતંકવાદીઓ સાથે બે મોરચે લડી રહ્યું છે. જ્યારે તે લેબનોનમાં હિઝબુલ્લાહ વિરુદ્ધ ગ્રાઉન્ડ લેવલ ઓપરેશન કરી રહ્યું છે, ત્યારે તે ગાઝા પટ્ટીમાં પણ સતત હુમલાઓ કરી રહ્યું છે. ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં અત્યાર સુધીમાં હજારો લોકોના મોત થયા છે. મૃત્યુ પામેલાઓમાં બાળકો અને મહિલાઓનો પણ સમાવેશ થાય છે

### માયાની પાછળ આદર્શ વિસરાયો

# સ્વાતિ માલીવાલે અરવિંદ કેજરીવાલ પર કટાક્ષ કર્યો

## આજકાલ લોકો પોતાની સરખામણી શ્રી રામ સાથે કરે છે

નવી દિલ્હી,તા.૪

દિલ્હીના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે શુક્રવારે તેમનું સત્તાવાર નિવાસસ્થાન ખાલી કર્યું અને લ્યુટિયન્સ દિલ્હીમાં તેમની પાર્ટીના રાજ્યસભા સાંસદના બંગલામાં શિફ્ટ થઈ ગયા. આના પર આમ આદમી પાર્ટીના બળવાખોર રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલે નામ લીધા વગર અરવિંદ કેજરીવાલ પર નિશાન સાધ્યું છે.

સ્વાતિ માલીવાલે એક્સ હેન્ડલ પર ટ્વિટ કરીને લખ્યું, 'એક મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામ હતા, જેમણે મહેલ છોડીને ૧૪ વર્ષ જંગલમાં વિતાવ્યા હતા. સ્ત્રીઓના સન્માન માટે રાવણ જેવા શક્તિશાળી રાક્ષસ સામે લડ્યા. આજકાલ જે લોકો પોતાની સરખામણી ભગવાન શ્રી રામ સાથે કરે છે, તેઓ એક મહેલ છોડીને બીજા મહેલમાં રહેવા જાય છે અને તેને મહાન ત્યાગ કહે છે. ભ્રમ પાછળ આદર્શો વિસરાઈ જાય છે. તેઓ મહિલાઓ પર હુમલો કરનાર વ્યક્તિને બચાવે છે, તેમાં જ તેમને સુકુન મળે છે, હે રામ!'

ઉલ્લેખનીય છે કે કેજરીવાલ જ્યાં રહે છે તે બંગલો ફિરોઝશાહ રોડ પર મંડી હાઉસ પાસે છે અને તે પંજાબના રાજ્યસભા સાંસદ અશોક મિત્તલનું સત્તાવાર નિવાસસ્થાન છે.

આ બંગલો આમ આદમી પાર્ટીના મુખ્યાલયની ખૂબ નજીક છે. હવે કેજરીવાલ તેમના પરિવાર સાથે આ બંગલામાં રહેશે.

ગુરુવારે પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયા પણ રાજેન્દ્ર પ્રસાદ રોડ પર સ્થિત બંગલામાં શિફ્ટ થયા હતા. પાર્ટીના નેતાઓએ કહ્યું કે આ ઘર છઈઁના રાજ્યસભા સાંસદ હરભજન સિંહનું સત્તાવાર નિવાસસ્થાન છે. કેજરીવાલને ઉત્તર દિલ્હીની સિવિલ લાઈન્સમાં ૬, ફ્લેગસ્ટાફ રોડ છોડવાનો નિર્ણય કર્યા પછી સાંસદો, ધારાસભ્યો અને કાઉન્સિલરો સહિત પક્ષના કેટલાક નેતાઓએ તેમના ઘરની ઓફર કરી હતી.

એક વીડિયો સંદેશમાં AAP સાંસદ મિત્તલે કહ્યું કે તેઓ એ જાણીને ખુશ છે કે કેજરીવાલે તેમનું ઘર પસંદ કર્યું છે. તેમણે કહ્યું કે જ્યારે તેમણે (કેજરીવાલે) મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યું ત્યારે મને ખબર પડી કે તેમની પાસે રહેવા માટે કોઈ જગ્યા નથી. મેં તેમને મારા દિલ્હી નિવાસસ્થાને મારા મહેમાન બનવા આમંત્રણ આપ્યું અને મને ખૂબ આનંદ થયો કે તેમણે મારી વિનંતી સ્વીકારી.

# મહારાષ્ટ્રમાં વિધાનસભાના નાયબ સ્પીકરે ત્રીજા માળેથી પડતું મૂક્યું

મુંબઈ,તા.૪

મહારાષ્ટ્રમાં અજિત પવાર જૂથના ધારાસભ્ય અને વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર નરહરી ઝિરવાલ મંત્રાલયના ત્રીજા માળેથી કૂદી પડ્યા હતા. નરહરી ઝિરવાલ છત પરથી કૂદીને સલામતી જાળીમાં ફસાઈ ગયા. ઝિરવાલ પછી, અન્ય કેટલાક આદિવાસી ધારાસભ્યો પણ કૂદી પડ્યા. જો કે નીચેની નેટને કારણે તમામનો જીવ બચી ગયો હતો. ઝિરવાલ એસટી ક્વોટા દ્વારા ધનગર સમાજને અનામત આપવાનો વિરોધ કરી રહ્યા છે. નરહરી ઝિરવાલ મહારાષ્ટ્ર વિધાનસભાના ઉપાધ્યક્ષ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ના સભ્ય છે. આજે મહારાષ્ટ્રના આદિવાસી સમાજના ધારાસભ્યો આંદોલન કરી રહ્યા છે. આ દરમિયાન ધારાસભ્ય ઝિરવાલ મંત્રાલયના બીજા માળે લગાવવામાં આવેલી સુરક્ષા જાળી પર ઉતરીને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. હાલ પોલીસે ધારાસભ્યોને સુરક્ષા નેટ પરથી હટાવી લીધા છે.ધારાસભ્યો શિંદે સરકાર તરફથી ધનગર સમાજને આપવામાં આવેલા એસટીના દરજ્જાનો વિરોધ કરી રહ્યા છે. આ ધારાસભ્યો તેમની જ સરકારના ફેંસલાનો વિરોધ કરી રહ્યા છે. ધનગર સમાજને અનામત ન મળે અને કાયદા અંતર્ગત નોકરીમાં ભરતીની માંગને લઈ ધારાસભ્યો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.

### પરિવાર સાથે બહાર નીકળ્યા

# દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે છોડ્યું સીએમ આવાસ

## અરવિંદ કેજરીવાલે લુટિયન ઝોનમાં સ્થિત તેમના નવા સરનામાં પર જવા માટે જૂના નિવાસસ્થાન છોડી દીધું

નવી દિલ્હી,તા.૪

આમ આદમી પાર્ટી (AAP) ના રાષ્ટ્રીય સંયોજક અને પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે શુક્રવારે લુટિયન ઝોનમાં સ્થિત તેમના નવા સરનામાં પર જવા માટે તેમના જૂના નિવાસસ્થાન છોડી દીધું. કેજરીવાલ પરિવાર સહિત પાર્ટીના સભ્યો અશોક મિત્તલના ૫, ફિરોઝશાહ રોડ, મંડી હાઉસ નજીક સ્થિત સત્તાવાર નિવાસસ્થાન જવા રવાના થયા હતા..

AAPનું કહેવું છે કે, હવે અરવિંદ કેજરીવાલ ત્યાં સુધી મુખ્યમંત્રી આવાસમાં નહીં રહે જ્યાં સુધી જનતાની અદાલતમાં તે ઈમાનદાર સાબિત ન થાય અને તેમને ફરીથી મુખ્યમંત્રી ન બનાવે. અરવિંદ કેજરીવાલનું નવું સરનામું ૫, ફિરોઝશાહ રોડ હશે. શુક્રવારથી તેઓ છઈઁના રાજ્યસભા સાંસદ અશોક મિત્તલના ઘરે રોકાશે. આ બીજી વખત છે જ્યારે તેઓ નવી દિલ્હી વિધાનસભા મતવિસ્તારમાં રહેશે. અગાઉ વર્ષ ૨૦૧૪માં તેમને તિલક લેનમાં મકાન ફાળવવામાં આવ્યું હતું. આ પછી તે સિવિલ લાઈન્સમાં શિફ્ટ થઈ ગયા હતા.

ગુરુવારે, AAP મુખ્યાલયમાં, દિલ્હી સરકારના પ્રધાન સૌરભ ભારદ્વાજે કહ્યું હતું કે કેજરીવાલ શુક્રવારે સત્તાવાર મુખ્ય પ્રધાનનું નિવાસસ્થાન ખાલી કરશે. ઘણા સાંસદો, ધારાસભ્યો અને મંત્રીઓ સહિત સમગ્ર દિલ્હીના સમર્થકોએ તેમને તેમના ઘરે રહેવાની ઓફર કરી હતી, પરંતુ કેજરીવાલે તેમના વિધાનસભા મતવિસ્તાર નવી દિલ્હીમાં જ રહેવાનો નિર્ણય કર્યો છે. લોકોએ તેમને અહીંથી ચૂંટ્યા હતા. તેઓ હવે તેમના પરિવાર સાથે અશોક મિત્તલના સત્તાવાર નિવાસસ્થાન ૫, ફિરોઝશાહ રોડ, નવી દિલ્હી ખાતે રહેશે. જ્યારે કેજરીવાલને સુપ્રીમ કોર્ટ દ્વારા જામીન આપવામાં આવ્યા ત્યારે તેમના પર મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપવાનું કોઈ દબાણ ન હતું, પરંતુ તેમણે અંગત નિર્ણય તરીકે રાજીનામું આપ્યું હતું.

### કારીગરોને ક્રાફ્ટવાઇઝ એવોર્ડ આપવામાં આવશે

# ગુજરાતના હાથશાળ-હસ્તકલાના ૧૧ કારીગરોને એવોર્ડ એનાયત થશે

ગાંધીનગર,તા.૪

રાજ્યના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા કુટીર અને ગ્રામોદ્યોગ નીતિ-૨૦૧૬ અન્વયે હાથશાળ-હસ્તકલાના કારીગરોને પ્રોત્સાહન મળી રહે તે હેતુસર ગુજરાતના હાથશાળ-હસ્તકલા ક્ષેત્રે સિધ્ધિ પ્રાપ્ત કરનાર કારીગરોને ક્રાફટવાઈઝ એવોર્ડ આપવામાં આવશે. ગુજરાત સરકાર દ્વારા અંદાજીત ૨૫ લાખ રૂપિયાના ખર્ચે રાજ્યના વિવિધ જિલ્લાના ઉત્કૃષ્ટ કામગીરી કરનારા કુલ ૧૧ જેટલા કારીગરોને પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

ઉદ્યોગ અને ખાણ વિભાગ ગાંધીનગરની યાદીમાં જણાવ્યા અનુસાર હાથશાળ-હસ્તકલા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનારા મહિલા અને યુવા કારીગરો સહિત ઔધોગિક સહકારી મંડળીઓ, એન.જી.ઓ. તથા સંસ્થાઓ સાથે સંકળાયેલા વ્યક્તિગત કારીગરોને પુરસ્કાર આપવામાં આવશે. આ પુરસ્કાર આપવા માટે રાજ્ય કક્ષાની પસંદગી સમિતિ દ્વારા વર્ષ-૨૦૨૩ દરમિયાન વિવિધ સેક્ટરવાઈઝ કેટેગરી જેવી કે ટેક્ષટાઈલ, ભરતકામ, મોતીકામ/ચર્મકામ/અર્થન/લાકડું તથા વાંસકામ/મેટલ, અન્ય ક્રાફ્ટ જેવા વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરતા કારીગરોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

રાજ્ય કક્ષાની પસંદગી સમિતિ દ્વારા પસંદગી કરવામાં આવેલ કારીગરો પૈકી ટેક્ષટાઈલ કેટેગરી માટે ક્રમશઃ પ્રથમ અને દ્વિતીય ક્રમે કચ્છ જિલ્લાના સીજુ લીન્સી ચમનભાઈને દુપટ્ટા તથા સુરેન્દ્રનગરના વાઘેલા નરશીભાઈ વશરામભાઈને ડબલ ઈક્કત પટોળા સાડી તેવી જ રીતે ભરતકામ કેટેગરીમાં પ્રથમ ક્રમે કચ્છના રાઠોડ કંચનબેન સુખલાલને વોલપીસ અને દ્વિતીય ક્રમે બનાસકાંઠાના સુથાર વિષ્ણુભાઈ ગેનાજીને ચોપાટ, મોતીકામ/ચર્મકામ/અર્થન/લાકડું તથા વાંસકામ/મેટલ કેટેગરીમાં પ્રથમ ક્રમે સુરતના પેટીગરા પીનલ રાકેશકુમારને અષ્ટકોણ જવેલરી-કાસ્કેટ બોક્ષ તથા દ્વિતીય ક્રમે ભાવનગરના સોલંકી સોનલબેન વિપુલભાઈને મોતીકામ માટે એવોર્ડ આપવામાં આવશે. તદઉપરાંત અન્ય ક્રાફ્ટમાં અમદાવાદના ચિતારા કિરણકુમાર ભુલાભાઈને માં શેરાવાલીના દરબારની પછેડી માટે પ્રથમ ક્રમે અને દ્વિતીય ક્રમે પંચાલ નયનાબેન દિપકભાઈને વોલપીસ, કચ્છના ખત્રી માજવીન અબ્દુલહમીદને કેપ સિલ્ક શિકારી દુપટ્ટો અને બોચિયા દામા મંગુને વોલ હેંગીંગ ખરડ માટે ક્રમશઃ પ્રથમ અને દ્વિતીય ક્રમે તથા લુપ્ત થતી કલા માટે પાટણના પનાગર મોહોમંદ જુબેરને સાડી માટે પુરસ્કાર આપવામાં આવશે.

## ડો. જીવરાજ મહેતા ચોક, લાયબ્રેરી ચોક, નાગનાથ બસ સ્ટેન્ડ સહિતનાં વિસ્તારોમાં

# અમરેલીમાં એલઆરડી જવાનો ટ્રાફિક જાળવવામાં નિષ્ફળ

### જિલ્લા બેન્ક, ખાદીભવન, ડો. જીવરાજ મહેતા ચોક ફરતે એલઆરડી જવાનો ચક્કર લગાવે તો સમસ્યા જાણી શકે

અમરેલી, તા. ૪

અમરેલી શહેરમાં અર્ધો ડઝન સ્થળોએ સવાર–સાંજ ટ્રાફિક સમસ્યા વિકરાળ બનતી હોય ફરજ પરના એલઆરડી જવાનો ટ્રાફિક સમસ્યાસામેમોંફેરવતાજોવામળીરહ્યા હોય. તેઓએ આળશ અને મોબાઈલ થોડી વાર ભૂલીને ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ કરવું જોઈએ.

અમરેલીનાં હાર્દસમાં ડો. જીવરાજ મહેતા ચોક, ખાદીભવન, જિલ્લા બેન્ક, લાયબ્રેરી ચોક, હરિરોડ,

### મુળદાસ ચોકથી લઈને હરિરામબાપા ચોક સુધીનાં વિસ્તારોમાં પણ આડેધડ વાહનોનાં પાર્કિંગ

ઈન્દિરાશોપિંગસેન્ટર,ભીડભંજનચોક, નાગનાથચોકસહિતનાંવિસ્તારમાંસવાર અને સાંજના સમયે ટ્રાફિક સમસ્યા દરરોજ વિકરાળ બની રહી છે અને એલઆરડીજવાનોમોબાઈલમાંવ્યસ્ત જોવામળે છે.

ડો.જીવરાજમહેતાચોકમાં રખડતા પશુઓનો અડિંગો, માર્ગ .પર વાહનોનું પાર્કિંગ અને આડેધડ ઉભા રહીને વેપાર કરતાં રેંકડી ધારકો, તો જિલ્લા બેન્ક સામે પણ અવારનવાર

### ઈન્દિરા શોપિંગ સેન્ટર, લાયબ્રેરી ચોક, ભીડભંજન ચોક, હરિરોડ ઉપરથી પસાર થવું મુશ્કેલ

ટ્રાફિક સમસ્યા જોવા મળે છે તો ખાદી ભવન, ભીડભંજનચોક, લાયબ્રેરીચોક સહિતનાંવિસ્તારોમાંપણટ્રાફિકસમસ્યા વિકરાળબનતીરહેછે.

મુળદાસ ચોકથી લઈને હરિરામબાપા ચોક સુધી પણ પાલિકા કચેરીની દીવાલ અને સામેની બાજુ ખાનગીવાહનોનોજમેલોજોવામળીરહ્યો છે અને આશ્ચર્યજનક બાબત એ છે કે એલઆરડી જવાનોની નજર સામે જ

### એલઆરડી જવાનોની નજર સામે ટ્રાફિક સમસ્યા છતાં કોઈ કાર્યવાહી થતી નથી

ટ્રાફિકસમસ્યાઉભીથાયછતાંપણતેઓ કાર્યવાહી કરતાં નથી.

શહેરમાં જે સ્થળોએ ટ્રાફિક સમસ્યા જોવા મળે છે તે તમામ સ્થળો લગભગસીસીટીવીકેમેરાથીસજ્જછેછતાં પણકોઈકાર્યવાહીથતીનહોયનાયબદંડકે એકવખતઆકસ્મિકચકકરલગાવવાની જરૂર છે અને ટ્રાફિક સમિતિની બેઠકમાં રજૂઆત કરવી જોઈએ તેવી માંગ શહેરીજનો કરી રહ્યા છે.

### ખેતીકાર્ય કરવુ કે રાનીપશુઓથી બચવુ

## બગસરાનાં લુંઘીયા ગામે શ્રમિક ઉપર દીપડાએ હુમલો કરતા ફફડાટ

### શ્રમિક ખેતરમાં આરામ કરતા હોય દીપડો ત્રાટક્યો

બગસરા, તા. ૪

બગસરાના લુંઘીયા ગામે મજુરી કામ કરવા આવેલ પરપ્રાંતિય મજુર ખેતરમાં સૂતેલા હતા ત્યારે દીપડો અચાનક આવીને હુમલો કરતા માથાના ભાગે ઈજા પહોંચાડી હતી. જયારે આ મજુર ભરતભાઈ ગઢિયાની વાડીમાં ખેતી કામ કરવા આવેલા પર પ્રાંતીય મજુર મજૂરી કામ કરીને થાકીને ત્યાં સુતેલા હતા તે દરમીયાન કમલેશભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર




### યુવતીને ભગાડી જવાનાં મુદ્દે બંને પક્ષો વચ્ચે ડખ્ખો

## ધારીમાં પેટ્રોલ પંપ નજીક આવેલ બાપા સીતારામનાં ઓટલા નજીક ૨ પરિવારો વચ્ચે મારામારી થઈ

### પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી



અમરેલી, તા. ૪

ધારીગામેઆવેલવાઘાપરા વિસ્તારમાં રહેતા મનુભાઈ પીરૂભાઈ કણસાગરાનામના૫૦વર્ષિયઆધેડનો દિકરો સુભાષ ચારેક મહિના પહેલા જયસુખભાઈચાવડાનીદિકરીનેભગાડી ગયેલહોયજેથીપોકસોનાગુન્હામાંતા. ૩નારોજકેધારીસેશન્સકોર્ટખાતેમુદતે આવેલ હોય જે મુદત પુરી કરી રાત્રીના આશરે સાડા આઠ નવ વાગ્યે સંઘરાજકા પેટ્રોલપંપ પાસે આવેલ બાપા સિતારામનાઓટલાપાસેસુભાષ બેઠેલ હોય તે વખતે ધારી ગામે રહેતા વિપુલભાઈ ભેસાણીયા તથા પસુભાઈ ભેસાણીયા વિગેરે એ તેમને માર મારતા હોય જેની જાણ મનુભાઈ પીરૂભાઈ કણસાગરાને થતા પોતાના પત્ની કાશીબેનતથાતેમનોદિકરોઅજીતતથા મથુરભાઈ વિગેરે સુભાષને છોડાવવા જતા આરોપી વિપુલભાઈએ તેના હાથમાં રહેલ તલવારનો એક ઘા મારી નાખવાના ઈરાદે મનુભાઈ પીરૂભાઈ કણસાગરાને મારી દેતા તેમને માથામાં ગંભીર ઈજાઓ થયેલ હતી. જયારે પસુભાઈ ભેસાણીયાએ તેના હાથમાં રહેલ કુહાડીનો ઘા ડાબા હાથની કલાઈ ઉપર મારી દેતા તે કલાઈ અડધી કપાઈ ગયેલ હતી. જયારે જયશ્રીબેન ભકુભાઈએતથાજયસુખઉર્ફેહકોચાવડા બંન્ને લોખંડના પાઈપ વડે આધેડને માથાના ભાગે તેમજ પીઠના ભાગે માર મારી ઈજા કરેલ હતી. તથા આધેડના પત્નીને આરોપી વિશાલ રાજુભાઈ ભેસાણીયાએ હાથના ભાગે લોંખંડનો પાઈપ ઘા મારી ઈજા કરી હતી. તથા આરોપી રામભાઈ અરજણભાઈ ભેસાણીયાએતેણીનેધક્કોમારીમુંઢમાર મારી ઈજા કરેલ હતી. આધેડના દિકરા અજીતભાઈને પણ આરોપી બાબુભાઈ ભકુભાઈએ લોખંડનો પાઈપ માથાના ભાગે મારી ગંભીર ઈજા કરી હતી. તથા આધેડની ભાણકી જાનવીને આરોપી પુનમબેન બાલાભાઈ ભેસાણીયાએ ઢીકાપાટુનો માર મારી ઈજા કરેલ હોવાની આધેડે આઠ આરોપી સામે ફરિયાદ નોંધાવી હતી.

તો સામા પક્ષે આ જ બનાવમાં ધારી ગામે આવેલ વાઘાપરા વિસ્તારમાં રહેતા વિશાલભાઈ રાજુભાઈ ભેસાણીયા નામનાં ૨૭ વર્ષિય યુવકે પણ ૩ આરોપી સામે પોલીસ ફરિયાદ કરતાં જણાવેલ છે કે તેમના કુંટુંબીક કાકા જયસુભાઈ ઉર્ફે હકાભાઈ ચાવડાએધારીગામેઆવેલવાઘાપરામાં રહેતા સુભાષ મનુભાઈ કણસાગરા વાળાવિરૂધ્ધપોકસોનોગુન્હોનોંધાવેલ હોય, અને આ કેસમાં સુભાષને જામીન મળી ગયા હોય, અને સુભાષને ધારી આવવાનીનાપાડવાછતા, તેધારીખાતે આવેલ હોય, જે બાબતે ઠપકો જયસુખભાઈએ સુભાષને આપતા તેને સારૂ નહી લાગતા સુભાષે જેમફાવેતેમ ગાળોઆપવાલાગેલઅનેઅમારીસાથે મારા મારી કરવા લાગેલ તે વખતે આરોપી અજીત મનુભાઈ કણસાગરાએ છરી લઈ આવી યુવક પેટના ભાગે જાનથી મારી નાખવાના ઈરાદે મારી ગંભીર ઈજા કરી અને યુવકને બચાવવા આવેલ વિપુલભાઈ રમેશભાઈ ભેસાણીયાને ડાબા હાથના

અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)